સપ્ટેમ્બર ૨૦૨૫

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦





**મન**



**ચિત્ત**




**બુદ્ધિ**



**અહંકાર**

અંતઃકરણ એટલે પાર્લામેન્ટ પદ્ધતિ. મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર, આ ચાર મેમ્બરોની પાર્લામેન્ટ અંદર ભરાય છે. આ ચારમાં વધુ મતે કાર્ય થવાનું. એમાં પ્રેસિડન્ટ અહંકાર છે, બુદ્ધિ વડાપ્રધાન છે અને મન ને ચિત્ત એ બે વોટ આપનારા છે.

## પૂજ્યશ્રી દીપકભાઈ સંગે અક્રમ ક્રુઝ રીટ્રિટ : ૧૨ થી ૧૬ જુલાઈ ૨૦૨૫



વર્ષ : ૩૧, અંક : ૧
સળંગ અંક : ૩૬૧
**સપ્ટેમ્બર ૨૦૨૫**
પાનાં : ૨૪

**Editor : Dimple Mehta**
© 2025
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## અંતઃકરણનું સ્વરૂપ

### સંપાદકીય

આ લૌકિક જગતમાં અંતઃકરણ વિશે ઘણી ભ્રામક માન્યતાઓ પ્રવર્તે છે. દેહ તો પ્રત્યક્ષ દેખાય છે પણ અંતઃકરણને ઓળખવું અને તેને સમજવું સામાન્ય લોકો માટે મુશ્કેલ છે. કેટલાક અંતઃકરણને જ આત્માનો અવાજ માને છે, કેટલાક તો અંતઃકરણમાં મન એકલું જ છે એવું માને છે. ક્યારેક માને છે કે હું વિચારું છું, ક્યારેક માને છે કે મારું મન મને પજવે છે, મારું મન ભટકે છે, મારે મનને સ્થિર કરવું છે પણ સાચી વસ્તુ નહીં સમજાવાથી કંઈ સમાધાન પ્રાપ્ત થતું નથી.

આત્મવિજ્ઞાની પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી), કે જે પોતે દેહથી, વાણીથી, મનથી, બુદ્ધિ-ચિત્ત-અહંકારથી નિરંતર તદ્દન જુદા વર્તે છે, તે જ અંતઃકરણના સાચા સ્વરૂપ અને તેની કાર્યપદ્ધતિને ઓળખાવી શકે ! અંતઃકરણ ચાર વસ્તુનું બનેલું છે; મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર. મનુષ્ય દેહ જેના આધારે કાર્ય કરે છે એ અંતઃકરણના ચારેય ભાગના ભેગા સહકારથી કાર્ય થાય. કોઈ પણ કાર્યનો પહેલો ફોટો, પહેલી છાપ એક્ઝેક્ટ સૂક્ષ્મમાં આંતર વિભાગમાં પડે છે જેને અંતઃકરણ કહે છે અને પછી તે જ સ્થૂળ બાહ્ય વિભાગમાં રૂપકમાં આવે છે, જેને બાહ્યકરણ કહે છે.

વાસ્તવિકતામાં અંતઃકરણ શું છે ? તેના વિભાગો મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારના ભૌગોલિક સ્થાનો અને લક્ષણો પરથી ઓળખાણ, મનના ફાધર-મધર, બુદ્ધિ એટલે ઈન્ડિરેક્ટ પ્રકાશ, ચિત્ત એટલે જ્ઞાન-દર્શન, અહંકાર એટલે અજ્ઞાનતા. શું આ બધા સ્વતંત્ર કામ કરે છે ? અથવા તો ભેગા મળીને કઈ રીતે કામ કરે છે ? અંતઃકરણ અને આત્મા સાથે શો સંબંધ છે ? મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારનો ધર્મ અને આત્માનો ધર્મ, આ બધા પોતપોતાના ધર્મમાં આવી જાય એનું નામ જ્ઞાન, વગેરેની બેઝિક વાતોનો ઉલ્લેખ પ્રસ્તુત અંકમાં થયેલ છે. અને એની વિગતવાર વાતો આપ્તવાણી-૧૦ પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં આવરાયેલ છે.

આત્મોત્થાન માટે તો અંતઃકરણમાં કયા ગુણધર્મો બગડેલા તેની તપાસ કરી અને કેવી રીતે સુધારવું એટલું જ કરવાનું છે. પણ પોતાને લાગે કે મેં વિચાર કર્યો, હું જ કરું છું, માત્ર અહંકાર જ કરે છે. અહંકારને જ પોતાનો આત્મા માન્યો છે તે ભૂલ થઈ જાય છે. મુમુક્ષુઓ આત્મજ્ઞાનીની પ્રત્યક્ષતામાં જ્ઞાનવિધિથી એક જ કલાકમાં દિવ્યચક્ષુ પ્રાપ્ત કરે છે. જ્ઞાની પુરુષના આત્મજ્ઞાન થકી તમે પોતે કોણ અને મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારથી જુદા છો એ ભાન થાય છે. પછી પાંચ આજ્ઞા પાળવાથી અંતઃકરણની શુદ્ધિ થયા કરે, કષાયોને લીધે દુઃખ થતા હોય તે બંધ થતા જાય. તે પછી એ શુદ્ધિથી જ સાચો આનંદ ઉત્પન્ન થાય, કાયમની શાંતિ થાય !

**જય સચ્ચિદાનંદ.**

# અંતઃકરણનું સ્વરૂપ

## પ્રયત્નો, મનની સ્થિરતાના...

કશું જાણવાની ઈચ્છા થાય છે, નવું કંઈક જાણવાની ?

**પ્રશ્નકર્તા :** હા, થાય છે.

**દાદાશ્રી :** શું જાણવાની ઈચ્છા થાય છે ?

**પ્રશ્નકર્તા :** આ જગતના જે રહસ્યો છે, એ જાણવાની ઈચ્છા થાય છે. માણસ શા માટે આ બધા ચક્કરમાં પડી જાય છે ?

**દાદાશ્રી :** માણસ એકલો જ પડે છે કે બીજા બધા જીવો પડે છે ચક્કરમાં ?

**પ્રશ્નકર્તા :** એ લોકોને એટલા વિચાર નથી, માણસને જ વિચાર છે. જ્યારે ભગવાનની ભક્તિ કરવા બેસીએ ત્યારે જ ખરાબ વિચાર આવે છે.

**દાદાશ્રી :** હા. તે જ વખતે ખરાબ વિચાર આવે. પણ નહીં તો આખો દહાડો સારા વિચાર હોય છે ?

**પ્રશ્નકર્તા :** એવું નહીં. પણ આમ નોવેલ (નવલકથા) કશું વાંચીએ તો આપણું મન એમાં સ્થિર થઈ જાય બિલકુલ.

**દાદાશ્રી :** તે નોવેલ વાંચે ત્યારે સ્થિર થાય ને ! નોવેલ એટલે શું ? લપસવું. તે લપસવામાં મન સ્થિર જ હોય. ઉપર ચઢાવવામાં મન જરા અસ્થિર થાય.

**પ્રશ્નકર્તા :** આપણે એક જગ્યાએ એને સ્થિર કરવું છે.

**દાદાશ્રી :** પણ તમે પોતે અસ્થિર છો. અસ્થિર બીજાને સ્થિર કેમ કરીને કરી શકે ?

**પ્રશ્નકર્તા :** પણ મન સ્થિર થાય તો આપણે સ્થિર થઈ શકીએ.

**દાદાશ્રી :** પણ પહેલા તમે જ અસ્થિર છો, મનને લીધે. મનથી અસ્થિર રહેવાય તે બહુ નુકસાન. મનના ઉપર આવતા ભવનો આધાર છે. હવે મનને સ્થિર કેવી રીતે કરી શકો તમે ? એ તો કોઈની મદદ લેવી પડે.

મન સ્થિર થવામાં શું ફાયદો હશે, એવો તમે હિસાબ કાઢ્યો છે ?

**પ્રશ્નકર્તા :** શાંતિ મળે.

**દાદાશ્રી :** અસ્થિર કર્યું કોણે ?

**પ્રશ્નકર્તા :** આપણે.

**દાદાશ્રી :** શાથી આપણે કર્યું ? આપણે જાણી-જોઈને અસ્થિર કર્યું ? આપણને હિતાહિતની ખબર નથી, પોતાનું હિત શેમાં અને અહિત શેમાં એની ખબર નહીં હોવાથી મનનો ગમે તેવો ઉપયોગ કર્યો. પોતાનું હિતનું શેમાં ને અહિતનું શેમાં એવું જો ખબર હોત તો પોતાના હિતમાં જ ઉપયોગ કરત. હવે મન તો આઉટ ઑફ કંટ્રોલ (કાબુ બહાર) થઈ ગયું. હવે હિતાહિતની સમજણ આપે એવું જ્ઞાન પ્રાપ્ત કરે ત્યાર પછી સ્થિર થાય. એવા જ્ઞાની પુરુષની કૃપા લેવી પડે કે પોતે સ્થિર થયેલા હોય, નિરંતર સ્થિરપણે જ રહે. પછી આપણને સ્થિર કરી આપે. તો બધું કામ થાય, નહીં તો થાય નહીં કશુંય.

## પહેલા ઓળખો પોતાના મનને

**પ્રશ્નકર્તા :** ભક્તિના પ્રવાહમાં મન અને બુદ્ધિને કૉન્ટ્રાવસી (વિરોધાભાસ) થાય છે, તો એ બન્નેનું કૉન્ટ્રાવસીમાં સમતોલન ક્યારે આવે ?

**દાદાશ્રી :** એ બધાને જે હરકત કરતા હોય ને, તે હરકત કોણ કરે છે તે, એનું મોઢું જોઈ લેવું જોઈએ, ઓળખવા જોઈએ. તમે તો મનને નામથી જ ઓળખો છો કે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પણ તમને હરકત કોણ કોણ કરે છે, મન કરે છે ?

**પ્રશ્નકર્તા :** મન.

**દાદાશ્રી :** પણ તે મનને ઓળખ્યું તમે ? એને ઓળખો તો ખરા. તમારા મનને ના ઓળખો, તો બીજાના મનને તમે શી રીતે ઓળખશો ? તમે જે મન જાણ્યું છે, એવું તો બધા લોકોય, નાના છોકરાંય કહે છે, મારું મન મહીં પજવે છે.

તમારે ઓળખવું જોઈએ એને. ત્યારે કહે, એની ઉંમર કેટલી છે, એની જાતિ શું છે ? એ બધું ઓળખવું જોઈએ. એને ઓળખીએ તો એ વશ થઈ જાય. તે પ્રયત્ન નથી કર્યો આને ઓળખવાનો ? આપણને હરકત કરનારને, આપણા પર દાવો માંડ્યો હોય તેને આપણે ખોળી કાઢીએ કે ભઈ કોણ છે, એ માણસને ઓળખો તો ખરા !

## અંતઃકરણનો ફોડ

આ ફોડ નથી પડે એવો. તેથી જ જગત આખું ગૂંચાયું છે.

**પ્રશ્નકર્તા :** પણ આ ફોડ પડે એવો જ નથી.

**દાદાશ્રી :** ભાન જ નથી ને આનું કંઈ ! આખું વર્લ્ડ જે સાયન્સ (વિજ્ઞાન) ખોળી રહ્યું છે, તે સાયન્સનો પહેલ વહેલો સંપૂર્ણ ફોડ અમે આપીએ છીએ. મનને સમજવું બહુ મુશ્કેલ છે. મન શું ? બુદ્ધિ શું ? ચિત્ત શું ? અહંકાર શું છે ? એ બધાનો જેમ છે તેમ ફોડ આપીએ છીએ.

અંતઃકરણ ચાર વસ્તુનું બનેલું છે. (૧) મન (૨) બુદ્ધિ (૩) ચિત્ત અને (૪) અહંકાર.

ચારેય રૂપી છે અને વાંચી શકાય તેમ છે. ચક્ષુગમ્ય નથી, જ્ઞાનગમ્ય છે. એ કમ્પ્લિટ ફિઝિકલ છે. શુદ્ધ આત્માને અને એને કંઈ જ લેવાદેવા નથી. એનાથી સંપૂર્ણ છૂટું જ છે. અમે સંપૂર્ણ છૂટા છીએ. તેથી તેનું દરઅસલ વર્ણન કરી શકીએ.

## પહેલું અંતઃકરણમાં, પછી બાહ્યકરણમાં

આ મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર એ દરેકનું ફંક્શન (કાર્ય) જુદું જુદું હોય છે છતાં પણ દરેક કાર્ય ચારેયના ભેગા સહકારથી જ થાય છે. મનુષ્ય દેહ જેના આધારે કાર્ય કરે છે તેના બે વિભાગ છે : (૧) સ્થૂળ - બાહ્ય વિભાગ, જેને બાહ્યકરણ કહે છે. (૨) સૂક્ષ્મ - આંતર વિભાગ, જેને અંતઃકરણ કહે છે.

પહેલું અંતઃકરણમાં થાય, ત્યાર પછી બાહ્યકરણમાં આવે. એટલે અંતઃકરણ જેને જોતા આવડ્યું એ આમ સમજી શકે કે હમણે થોડીવાર પછી શું થશે ? અને અંતઃકરણના ચાર જ ભાગ છે, પાંચમો ભાગ છે નહીં.

અંતઃકરણ એટલે શું ? એ આંતરિક છે. કોઈ પણ કાર્યનો પહેલો ફોટો, પહેલી છાપ એક્ઝેક્ટ અંતઃકરણમાં પડે છે અને પછી તે જ બાહ્યકરણમાં તથા બાહ્ય જગતમાં રૂપકમાં આવે છે. પહેલું અંતઃકરણમાં સૂક્ષ્મરૂપે અંદર થાય છે અને એના ફોટારૂપે પછી આ સ્થૂળ થાય છે. અંતઃકરણ જોતા કોઈને આવડે તો એ કહી શકે, કે બહાર આવું થશે હવે.

આ અંતઃકરણનો ફોટો અમે જોઈ શકીએ કે અત્યારે શું કામ ચાલી રહ્યું છે ! એટલે અમે જાણીએ કે હવે પછી આ થશે બાહ્યકરણમાં. જેને 'નેગેટિવ' (જેના પરથી ફોટો નીકળે તે) જોતા આવડી, તે 'પૉઝિટિવ' (ફોટો) બતાવી શકે. એટલે અંતઃકરણમાં પહેલું ને તેના આધારે બાહ્યકરણ ચાલે છે. ઈન્દ્રિયો બધી પણ એને આધીન છે.

આ લોકો અનુભવના હિસાબથી તારણ કાઢે છે અને દર્શનનો વિષય જુદો છે. અનુભવ ખોટોય પડે. એ કોઈક ફેરો ખરુંય પડે ને નાય

ખરું પડે. એટલે એ અદબદ વસ્તુ કહેવાય. પણ જે દર્શન છે અંતઃકરણનું, તે તો એક્ઝેક્ટલી નીકળી જાય. નેગેટિવ જોઈ લીધું પછી પૉઝિટિવનું બધું જ દેખાય. (પહેલા) નેગેટિવ પડ્યા વગર રહેતી નથી. અંતઃકરણમાં નેગેટિવ પડ્યે જ જાય છે.

મહીં ઊલટી થવાની થાય છે, તે અંતઃકરણમાં પહેલી ખબર પડી જાય છે. પણ ત્યાં તરત ચેતી જાય છે. એ બાથરૂમ પાસે દોડે છે. અંતઃકરણમાં પહેલું થઈ જાય પણ ખબર ના પડે તેનું શું કારણ ? ઊલટી પેલી ગૂંચવાળી ખરી ને, એટલે ત્યાં ઈફેક્ટ થાય એટલે જલદી ત્યાં ચિત્ત જાય અને બીજી કેટલીક ઈફેક્ટો એવી હોય છે કે ચિત્ત બહાર ગયું હોય તો આવે નહીં, તે ખબર ના પડે. પછી ગૂંચાઈ જાય બધું. ઘૈડીયા લોકો કહેતા હતા ને કે હવે મારે જવાનો ટાઈમ થયો છે, એમેય ખબર પડતી'તી. હવે આજ મારો દિવસ નીકળશે નહીં. માટે તૈયારી કરી રાખો. કારણ કે અંતઃકરણમાં થઈ જાય, પછી બાહ્યકરણમાં થાય. પહેલું અંતઃકરણમાં થયા વગર બાહ્યકરણમાં થાય નહીં. અંતઃકરણનો ગોળો જોતા આવડે તો આ જ્યોતિષીઓના ગોળામાં જોવા જવું ના પડે. આ તો જ્યોતિષીઓને કહે છે, 'ગોળામાં મારું જોઈ આપો જોઈએ.' 'અલ્યા ! તું તારું મહીં જ જો ને !'

## અંતઃકરણનો વિકાસક્રમ

**પ્રશ્નકર્તા :** આ મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર અને હૃદય - આ પાંચ ચીજથી માણસનું, બધા જીવોનું ચાલે છે ?

**દાદાશ્રી :** હા, પાંચથી જ બધું ચાલે છે. જાનવરોમાં મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધું લિમિટેડ (સીમિત) હોય છે અને મનુષ્યોમાં અનલિમિટેડ (અસીમ) હોય છે.

**પ્રશ્નકર્તા :** બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિયના જીવો છે, એમને મનની ગાંઠો ખરી ? અંતઃકરણ ખરું ?

**દાદાશ્રી :** એમને મન જ ના હોય. બે-ત્રણ ને ચાર ઈન્દ્રિયો સુધી મન નહીં અને પાંચ ઈન્દ્રિયવાળા(પ્રાણીઓ)ને મન ખરું પણ સીમિત મન, લિમિટેડ મન. તે કેટલું જાણે કે આપણે અહીં વાસણમાં કશું ખાવાનું મેલીએ, તો તરત પેલી ગાય સમજી જાય. એ સંજ્ઞા ઉત્પન્ન થાય, એટલું જ જાણે. અગર તો લાકડી આમ સંતાડીને જતા હોય ને, તો ગાય સમજી જાય કે મારશે. એ સંજ્ઞાઓ છે. એ ચાર જ સંજ્ઞા (આહાર-મૈથુન-નિદ્રા-ભય) જાણે છે, ફક્ત એટલું જ મન છે એમને. બીજું વચ્ચે વિશેષ મન નથી. છતાં કોઈ માણસ વાંદરાને શીખવાડીને મનને બહેલાવે તો જરા આગળ વધે. પણ તે મનુષ્યનું એકલું જ અનલિમિટેડ (અમર્યાદિત) મન છે. મનુષ્ય એકલો જ એવો છે કે જેનું અનલિમિટેડ મન છે. જેટલું એને ડેવલપ (વિકાસ) કરવું હોય તેટલું થાય. એટલે મનુષ્યમાં મન સીમા વગરનું છે. પણ જેટલું ખીલ્યું એટલું એનું ! અસીમ સુધી પહોંચી શકે એવું મન છે. આ જાનવરોને સીમિત મન છે. સીમિત મન એટલે સંજ્ઞાથી સમજી જાય અને તમે તો સંજ્ઞા વગરેય બીજી વાતેય સમજી જાવ.

**પ્રશ્નકર્તા :** એકેન્દ્રિયથી પંચેન્દ્રિયમાં અહંકાર ક્યારે ઊભો થઈ જાય છે ?

**દાદાશ્રી :** એ તો જ્યારે લિમિટેડ મન ના હોય, લિમિટેડ બુદ્ધિ ના હોય, લિમિટેડ ચિત્ત અને અંતઃકરણ પણ (લિમિટેડ) ના હોય, એ અનલિમિટેડ થયું. ત્યાં આગળ અહંકાર ઊભો થાય. એક આ મનુષ્યો એકલાને જ અને તે પણ હિન્દુસ્તાનના મનુષ્યોને જ ! બહારનાને (બીજા દેશોવાળાને) તો અહંકાર છે જ નહીં બિચારાને ! એમને તો આ સાધારણ, બહુ જૂજ અહંકાર છે.

**પ્રશ્નકર્તા :** થોડો ઘણો અહંકાર તો હોય જ ને ?

**દાદાશ્રી :** ના, એ બહુ જૂજ, તેય સાહજિક

અહંકાર અને આપણે તો અહંકારનો પાર જ નહીં ને ! આપણે તો સાત પેઢીનો અહંકાર, મારા છોકરાનો છોકરો ખાય ને તેનો છોકરોય ખાય, તેના માટે ભેગું કરવાનું.

મનુષ્યમાંય ચૌદ લાખ થર છે, બળ્યા ! તે આ આફ્રિકાનો હોય ને, તેમને મન ખરું પણ ડેવલપ નહીં નામેય. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધું ખરું જ, પણ અંડરડેવલપ સ્થિતિમાં. હવે એમાંથી ડેવલપમેન્ટ શરૂ થતું થતું થતું આપણે અહીં આગળ હિન્દુસ્તાનમાં આવે છે, ત્યારે એનામાં મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધું ફુલ્લી ડેવલપ (પૂર્ણ વિકસિત) થયેલું હોય છે. અને બીજે બધે તો, હિન્દુસ્તાન સિવાય બહાર તો ચિત્ત છે ખરું પણ ચિત્ત જેવી વસ્તુને એ લોકો સમજી શકતા નથી. ત્યાં એનું નામ પણ અપાયું નથી. ચિત્ત અનુભવમાં આવે છે પણ એ લોકો એને 'મન' કહે છે. મનમાં બધું સમાવેશ કરે છે. આપણે બેને જુદા ભાગ પાડ્યા. કારણ કે આપણે અહીં તો સાયન્ટિસ્ટ (વૈજ્ઞાનિક) લોકોને !

## વિભાજન, અંતઃકરણનું

**પ્રશ્નકર્તા :** મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકારની, ચારેયની ડિમાર્કેશન લાઈન (ભેદરેખા) કઈ રીતે દોરવી ? અંદરથી ઊઠતો અવાજ એ અહંકારનો અવાજ છે કે બુદ્ધિની દલીલો છે ?

**દાદાશ્રી :** આ ડિમાર્કેશન લાઈન 'જ્ઞાની' સિવાય કોઈ નાખી શકે જ નહીં ને ! લોકો જાણે જ નહીં ને એટલે ડિમાર્કેશન લાઈન શી રીતે નાખે ?

**પ્રશ્નકર્તા :** આ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ અંતઃકરણના અંગ છે કે ચારેય અલગ અલગ છે ?

**દાદાશ્રી :** જુદા છે. આ ચાર ભેગા રહે છે, એ ભાગને અંતઃકરણ કહેવામાં આવે છે. તે જે વખતે એક જણ કામ કરતો હોય, તે વખતે બીજા કામ ના કરે. એ ચારેય ભાગ જુદા જુદા હોય છે.

**પ્રશ્નકર્તા :** તો આ મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર એ બધી જુદી જુદી વસ્તુઓ છે ?

**દાદાશ્રી :** હા, જુદી જુદી વસ્તુઓ છે, ગુણધર્મ જુદા છે એટલે. આમ અંતઃકરણ તરીકે એક જ છે, પણ ગુણધર્મ જુદા છે એટલે જુદા જુદા છે. અંદર અંતઃકરણ વસ્તુ એવી છે ને કે ચાર ભાગે અંતઃકરણ છે. પણ આ ચાર એના જુદા જુદા ટુકડા નથી હોતા. જે વખતે મન કામ કરે છે, તે ઘડીએ મનરૂપી અંતઃકરણ હોય છે. પછી બુદ્ધિ કામ કરે છે, તે બુદ્ધિરૂપી અંતઃકરણ હોય છે અને જ્યારે ચિત્ત કામ કરે છે ને, ત્યારે ચિત્તરૂપી અંતઃકરણ હોય છે. આમ છે ચાર ભાગ, પણ તે વખતે સ્વતંત્ર એક જ કામ કરે છે. હવે એ અંતઃકરણમાં આ બધા કામ કરે છે.

**પ્રશ્નકર્તા :** એ પ્રક્રિયા શું છે ? પેલી મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારની ક્રિયા બધી કહેલી છે ને, તે શું છે ? એ સમજવું છે.

**દાદાશ્રી :** એવું છે ને, એ અંતઃકરણમાં ચાર જાતની ક્રિયાઓ થયા કરે. તે જે વખતે જે ક્રિયા ચાલતી હોય, તે જ અંતઃકરણ રોકે આખું. એટલે અંતઃકરણ છે તે જ્યારે વિચારમાં જ પડ્યું હોય, જે વખતે વિચાર કરવા માંડે તો એ માઈન્ડ (મન) કહેવાય. બહાર ભટકવા ગયું હોય ત્યારે ચિત્ત કહેવાય અને ડિસિઝન (નિર્ણય) કરતું હોય તે ઘડીએ બુદ્ધિ કહેવાય. વ્હેર ઈઝ પ્રૉફિટ એન્ડ વ્હેર ઈઝ લૉસ (ક્યાં નફો છે ને ક્યાં નુકસાન છે), એવું ડિસિઝન ખોળતું હોય તે ઘડીએ બુદ્ધિ હોય અને 'મેં કર્યું, મેં કર્યું' એ ઈગોઈઝમ (અહંકાર) હોય. સંડાસ જવાની શક્તિ નથી તોય કહે છે કે 'મેં કર્યું, મેં કર્યું !' એટલે એના એ જ અંતઃકરણના ચાર ભાગ, જે વખતે જે કાર્ય કરે તે પ્રમાણે એના નામ અપાય.

## મનનું સ્વરૂપ

**પ્રશ્નકર્તા :** પણ આ તો આપે સ્થૂળ બતાવ્યું.

અંદરથી ઊઠતા વિચારોમાં ડિસ્ટિન્ગ્વિશ (જુદું) કરવાનું છે.

**દાદાશ્રી :** તેનું જ હું કહું છું ને આ. હવે આ તેની જ વાત કરું ! આપણા અંતઃકરણના ચાર ભાગ છે. અંતઃકરણ તો એક જ છે, પણ તે ઘડીએ જે કામ કરતું હોય તેનું જ આખું અંતઃકરણ ગણાય. જે વખતે વિચારણામાં ચઢે, તે ઘડીએ મનનું સામ્રાજ્ય હોય. એટલે આ મન કામ કરતું હોય તે ઘડીએ બસ વિચાર ઉપર વિચાર, વિચાર ઉપર વિચાર, વિચારોના નર્યા ગૂંચળા જ વાળ વાળ કરે. વિચાર સિવાય બીજું કંઈ નહીં, એનું નામ મન. મન બહારગામ જાય નહીં. આપણા લોક કહે છે ને, મારું મન મુંબઈ જાય છે, આમ ભટકે છે ને તેમ ભટકે છે. મન આવું ભટકે નહીં. ભટકે નહીં એનું નામ મન કહેવાય. એટલી ભૂલ છે લોકોની. આપણા લોક નથી કહેતા કે ઑફિસમાં હોઉ છું તોય મન ઘેર જતું રહે ? એ શું છે ? તને સમજણ પડી, મન કોને કહેવું તે ?

**પ્રશ્નકર્તા :** પણ વિચારો અંદરથી ઊઠતા હોય એમાં એટલા બધા ગૂંચવાડા હોય એ વિચારમાં બહાર જતો વિચાર છે કે અંદર જતો વિચાર છે અથવા ભટકતો વિચાર છે કે નથી ભટકતો વિચાર, એ જ સમજાતું નથી.

**દાદાશ્રી :** બહાર વિચાર હોતો જ નથી, અંદર જ વિચાર હોય છે. મન એવી વસ્તુ છે કે શરીરની બહાર નીકળે નહીં. અને બહાર નીકળે તો કેટલાક લોકો, સાયન્ટિસ્ટો ને યોગીઓ એનું બારણું બંધ કરી દે, ફરી પેસવા ના દે. પણ મન આ શરીરની બહાર નીકળે જ નહીં ને ! એટલે અંદર વિચાર જ કર્યા કરે. આમથી આમ, તેમથી તેમ વિચાર જ કર્યા કરે, નિરંતર. આ એની બાઉન્ડ્રી (હદ) ! બીજો કંઈ એનો ધંધો નહીં. વિચારરૂપી ધર્મ એ મનનો ધર્મ છે, સહજ સ્વભાવી ધર્મ છે. મૂળ સ્થિતિમાં પડી રહ્યું હોય મન, ત્યારે ગ્રંથિઓ, ગાંઠો તરીકે હોય. એ જાતજાતની ગ્રંથિઓ હોય. અને તે એક્ઝોસ્ટ (ગલન) થાય તે વખતે વિચારોના ગૂંચળા હોય.

## ચિત્તનું સ્વરૂપ

અને પછી વિચારણાના ગૂંચળા ના હોય, તે પછી અહીં બેઠા હોય ને ઘેર પહોંચી જાય, ઘેર બધી વાતો કરે તો જાણવું કે આ ચિત્ત ભટકે છે. ચિત્તનું કામ દેહમાં ભટકવું અને બહારેય ભટકવું. ભટકે એ મન ના કહેવાય, એ ચિત્ત કહેવાય.

આ લોકો શું કહે છે ? મારું મન અહીંથી મુંબઈ જતું રહે છે. એવું મન જતું ના રહે. એ ચિત્ત જતું રહે, ચિત્ત ભટકે. આ છોકરાંઓ વાંચે ત્યારે એના મા-બાપ કહે છે ને, 'અલ્યા, તું વાંચે છે પણ તારું ચિત્ત ઠેકાણે નથી.' ક્રિકેટમાં ગયો હોય, એવું બને કે ના બને ?

**પ્રશ્નકર્તા :** બને.

**દાદાશ્રી :** અહીં આગળ તમે બેઠા છો, ભાદરણ હઉ ફરી આવે; અરે, બોરસદી કોર્ટમાં હઉ જઈ આવે, એ ચિત્ત કહેવાય. તે ઘડીએ આપણે જાણીએ કે અત્યારે ચિત્તનું કાર્ય છે.

હવે આખા હિન્દુસ્તાનમાં આ જ એક ભાંજગડ થઈ છે ને, મનને અને ચિત્તને એક કરી નાખેલું છે. ખીચડું કરી નાખ્યું. ચિત્ત તો બહુ મોટામાં મોટી વસ્તુ છે આમાં. તે ચિત્ત જ્યારે બહાર ભટકે ને, ભટક, ભટક... ત્યારે એકાગ્રતા કરવી હોય તો થાય નહીં. એને ખીલે બાંધવું હોય તો બંધાય નહીં. મનની એકાગ્રતા નથી કરવાની, ચિત્તની એકાગ્રતા કરવાની છે.

ચિત્ત વાળ્યું વળે નહીં. તેથી તો યોગી લોકો અહીં આગળ ચક્કરો પર ચિત્ત ગોઠવે. એ મનની સાધના નથી, ચિત્તની સાધના છે. પણ ચિત્ત અને મનને ઓળખવાની શક્તિ નહીં હોવાથી એ ચિત્તને જ મન બોલ્યા કરે છે. ચિત્તને તો શરીરની મહીં

પેસવા ના દે તોય પેસી જાય એટલી બધી સૂક્ષ્મ વસ્તુ છે. ગમે ત્યાં આરપાર નીકળી જાય. મન સ્થૂળ વસ્તુ છે. એટલે ચિત્ત ને મન બે જુદા છે એવું તમને સમજાયું ? બેના કામ જુદા છે.

**પ્રશ્નકર્તા :** બહાર નીકળે છે ત્યારે મનનું કામ ચિત્ત કરતું થઈ જાય છે કે મનનું રૂપાંતર ચિત્તમાં થઈ જાય છે ?

**દાદાશ્રી :** ના. બધીય જુદી જુદી વસ્તુઓ જ છે. આ જે ચિત્ત છે, એ અશુદ્ધ થયેલું ચિત્ત છે. ચિત્તને જ શુદ્ધ કરવાનું છે. મન તો કશું બગડ્યું નથી. મનનો સ્વભાવ જ છે, અવળું-સવળું બધું દેખાડવું. ચિત્ત જ બગડ્યું છે, ને ભટક ભટક ભટક ભટક કર્યા કરે છે. અને પાછી ટિકિટ કશી લેવાની નહીં. એ તો ખુદાબક્ષ ! મન ને બુદ્ધિ કશું જાણે નહીં, ચિત્ત ઉપર જ બધો આધાર. ચિત્ત જ બગડેલું છે, તેની આ દશા થઈ છે. ચિત્ત એટલે શું ભાવનું બનેલું છે તે હું તમને કહું. ચિત્ત બે શબ્દનું બનેલું છે, એ એક શબ્દ નથી. જ્ઞાન અને દર્શન, એનો ભાવાર્થ ભેગો કરે એટલે એનું નામ ચિત્ત. જુએ અને જાણે, જુએ અને જાણે. એ જ ભટક ભટક કરવાની ટેવ ! આ જોઈ આવે, તે જોઈ આવે, ફલાણું જોઈ આવે, આમ જોઈ આવે, તેમ જોઈ આવે. અહીંથી બેઠા બેઠા ક્રિકેટ હઉ જોઈ આવે ! અને મનમાં તો જ્ઞાનેય ના હોય ને દર્શનેય ના હોય. મનમાં જોવાની શક્તિ નથી અને ચિત્તમાં જોવાની શક્તિ છે. એટલે ચિત્તશક્તિ અને મનશક્તિ બે જુદી છે.

એટલે ચિત્તમાં ને મનમાં બીજો ડિફરન્સ (તફાવત) કયો ? ત્યારે કહે, મન કોઈ વસ્તુ જોઈ શકે નહીં અને ચિત્ત તો બધું ત્યાં આગળ જોઈ આવે.

ચિત્તનું કામ બહારેય જવું. અહીંથી ઑફિસમાં જાય, ઑફિસમાં આપણી ખુરશીઓ-ટેબલ બધું જોઈને પછી પાછું આવે. ટેબલ-ખુરશી દેખાય કે ના દેખાય અહીં રહ્યે રહ્યે, ઑફિસનું ?

**પ્રશ્નકર્તા :** હા, દેખાય.

**દાદાશ્રી :** જેવી છે એવી ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** મનનો સ્વભાવ જોઈ શકવાનો નથી. મનનો બહાર જવાનો સ્વભાવ નથી. ચિત્તમાં જોઈ શકવાનો સ્વભાવ છે.

મન અને ચિત્તનો ભેદ કોણ ખોળે ? કાં તો મનને જીતવા હારુ ફરતો હોય, એટલે કે મનને હરાવવા માટે કે કાં તો આત્મા પ્રાપ્ત કરવા માટે ખોળે. આત્મા જેને પ્રાપ્ત કરવો હોય તે મનનો ને ચિત્તનો ભેદ ખોળે.

## બુદ્ધિના લક્ષણ

**પ્રશ્નકર્તા :** હવે આપ બુદ્ધિ માટે જરા વિશેષ ફોડ પાડો.

**દાદાશ્રી :** હા, આપણા લોકો જેને 'બુદ્ધિ' કહે છે, ખરેખર એ બુદ્ધિ નથી. નફો-ખોટ જુએ, એનું નામ બુદ્ધિ. બીજું તો બુદ્ધિના માથે આરોપ કરે છે, આપણા લોકો. અહીં પેસનારો માણસ શું જોતો હશે ? જગ્યા જોતો હશે કે નફો-ખોટ ? ક્યાં આગળ મને બહુ નફો મળે અને ખોટ ના જાય. ત્યારે ટ્રેનમાં બેસનારો ?

**પ્રશ્નકર્તા :** બારી પહેલા ખોળે.

**દાદાશ્રી :** બસમાં બેસનારો ? જ્યાં જાય ત્યાં નફો-ખોટ જોવા, એનું નામ બુદ્ધિ. તમે નફો-ખોટ જોયેલા કોઈ દહાડો ? નિર્ણય કરે કે આ ખરું કે તે ખરું ? અથવા તો આમ ખોટ જશે, આમ નફો આવશે ત્યારે એ બુદ્ધિનો ભાગ. બુદ્ધિ એના કામમાં હોય, નફા-ખોટના વેપારમાં હોય, તે ઘડીએ બુદ્ધિનું સામ્રાજ્ય હોય.

બીજું, બુદ્ધિ ડિસિઝન (નિર્ણય) આપે છે ફક્ત. હા, નફો-ખોટ જોઈ અને શું કરવું એ

ડિસિઝન આપે છે. શાસ્ત્રકારોએ આ બુદ્ધિ ડિસિઝન લે છે, કહ્યું.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ અને ચિત્તમાં શો ફેર ?

**દાદાશ્રી :** બુદ્ધિ અને ચિત્તમાં એટલો ફેર છે કે બુદ્ધિ નવું જોઈ શકે નહીં. જે છે એટલાને જ છે તે ડિસિઝન આપે ફક્ત. બુદ્ધિ ડિસિઝન આપે અને ચિત્તનું ડિસિઝન ના હોય.

મન તો ખાલી વિચાર જ કર્યા કરે. ડિસિઝન ના હોય, એનું નામ મન. જ્યાં જે વિચારોનું ડિસિઝન ના હોય, અન્‌ડિસાઈડેડ (અનિશ્ચિત) વિચારો એનું નામ મન અને ડિસાઈડેડ (નિશ્ચિત) વિચારો એનું નામ બુદ્ધિ. ગમે તે જાતના પ્રશ્નો ઊભા થાય, પણ ડિસિઝન લેવું તે બુદ્ધિનું કામ અને અહંકારની સહી હોય.

## અહંકારનો સ્વભાવ

અંતઃકરણનો ચોથો અને છેલ્લો ભાગ તે અહંકાર. મન અને ચિત્ત સાથે ભળી બુદ્ધિ જે ડિસિઝન આપે, તેને છેલ્લે સહી કરી આપે તે અહંકાર. જ્યાં સુધી અહંકાર સહી ના કરે ત્યાં સુધી કોઈ કાર્ય થાય જ નહીં. પણ બુદ્ધિ એ અહંકાર થ્રુ (મારફત) આવનાર પ્રકાશ હોવાથી બુદ્ધિ ડિસિઝન લે એટલે અહંકાર નિયમથી જ ભળી જાય અને તે કાર્ય થઈ જાય.

અહંકાર એટલે અહમ્ કાર, 'મેં કર્યું' એટલું જ, બસ. બીજું કશું નથી એ ભોગવતો, નથી કશું કરતો. 'હું કરું છું' એટલું જ અહમ્ કાર. 'હું આ કરું છું, હું જ ચલાવું છું,' એ જ એનો અહંકાર. માર હઉ ખાય છે પાછો.

અહંકારનો સ્વભાવ એટલે કો'કે આમ (હાથ જોડીને) કર્યું કે, 'ભઈ, કેમ છો ? આવો પધારો, પધારો !' એટલે એ તરત પાછો ટાઈટ (અક્કડ) થાય અને જો આમ ના કર્યું હોય તો પાછું ટાઢો બેસીયે જાય, એ અહંકારનો સ્વભાવ. અહંકાર કાર્ય કરતો હોય ત્યારે આપણે ઓળખી લેવું જોઈએ કે આ ભાગને 'અહંકાર' કહે છે. શાથી આમ થઈ જાય, તે કોનું કાર્ય છે ? તે ઘડીએ મન એવું નથી, હેલ્પિંગ (મદદમાં) તો બધું હોય એ લોકોનું, પણ તે ઘડીએ મુખ્ય કાર્ય એનું ! ચીફ મિનિસ્ટર (મુખ્ય મંત્રી) કોણ છે, એવું સમજી લેવું જોઈએ.

આ અહંકાર ધૃતરાષ્ટ્ર જેવો આંધળો છે. તે બુદ્ધિની આંખે ચાલે છે, છતાં માલિકી તેની જ છે. તેમાં અહંકારનો અર્થ શો ? પોતે કોઈ પણ ચીજ ના કરી હોય ને કહેશે, 'મેં કર્યું' ! અલ્યા, તું શી રીતે આવ્યો ? ગાડી લાવી નહીં ? ગાડી હતી તો આવ્યો ને ? એટલે બધા જ કહે છે ને, એ અહંકાર કહેવાય. હવે એ અહંકાર રાખ્યા સિવાય બોલો તો વાંધો નથી. 'હું આવ્યો' ભાષા બોલવામાં વાંધો નથી પણ અહમ્‌વાળી, અને આ નિર્‌અહંકારવાળી, સમજણ પડે કે ના પડે ?

## પાર્લામેન્ટરી પદ્ધતિ, અંતઃકરણમાં...

અંતઃકરણનો ઉદ્‌ભવ એકદમ શી રીતે થાય ? એ 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' (વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવાઓ) છે. 'એવિડન્સ' (સંજોગો) મળે એટલે મન ઊભું થાય અથવા એવિડન્સ મળે એટલે અહંકાર ઊભો થાય અથવા ચિત્ત ઊભું થાય કે બુદ્ધિ ઊભી થાય. આમાં કોઈની માલિકી જ નથી, બધું સ્વતંત્ર છે, 'પાર્લામેન્ટરી' (સંસદીય) પદ્ધતિ છે.

અહીંથી બહાર નીકળ્યા એટલે પહેલો મનને વિચાર આવે કે 'ટેક્ષીમાં જઈશું કે સ્ટેશન અહીં નજીક છે, ચાલતા જઈશું ? નજીક છે માટે નકામા કોણ, બે રૂપિયા નાખીને (ખર્ચીને) શું કામ છે ?' પછી પાછો બીજો વિચાર કરે કે 'ના, બસમાં ચાલો ને !' પછી ત્રીજો વિચાર કરે કે 'ના, બસ કરતાં ટેક્ષી લઈને જઈએ તો આપણે બધા સાથે બેસીને

જવાય.' તે વખતે મન બહુ વિચારણામાં હોય છે. એટલે મન આમથી આમ વિચારે, તેમથી તેમ વિચારે, બધું વિચારે કે આમ કરીશું, તેમ કરીશું. ત્યારે પછી બુદ્ધિ કહે છેવટે કે ના, ટેક્ષીમાં જઈશું. જેણે નિર્ણય લાવી નાખ્યો એ બુદ્ધિનું કામ. એટલે પેલા બધા ચૂપ. મન નિર્ણય ના આપી શકે, ચિત્ત નિર્ણય ના આપી શકે, અહંકારેય નિર્ણય ના આપી શકે. બુદ્ધિ નિર્ણય આપે કે તરત અહંકાર સહી કરી આપે. સહી તો એની લેવી પડે. પાછી બુદ્ધિય જો એની સહી ના લે, તો ચાલે નહીં.

**પ્રશ્નકર્તા :** અહંકારની સહી ના લે ત્યાં સુધી શું થાય ?

**દાદાશ્રી :** કામ બંધ રહે. અને તોય અહંકારનું ચલણ નહીં ને એની સહી વગરેય ચાલે નહીં. અહંકારની સહી લે તો કામ થાય. એટલે અંદર આખી પાર્લામેન્ટરી પદ્ધતિ ચાલી રહી છે.

બુદ્ધિ જે ડિસિઝન આપે, એની પર ઈગોઈઝમ ખાલી સહી જ કરે. બીજું કશું એ કરે નહીં. જ્યાં જ્યાં બુદ્ધિ ડિસિઝન આપે, ત્યાં ત્યાં એને અહંકાર કરવાનો એ જ એનો ધંધો. અહંકાર સહી કરે. ચિત્ત કહે ત્યાં એ સહી ના કરે. અરે, મન કહે તોય સહી ના કરે. પણ બુદ્ધિ કહે ત્યાં ઈગોઈઝમ સહી કરે. એટલે આ મન જે કહે છે ને, તેની પર આ બુદ્ધિ સહી કરાવડાવે. અને મન, બુદ્ધિ અને અહંકાર ભેગા થાય ત્યારે આ કાર્ય થાય.

એટલે અહંકાર કોના તાબામાં છે ? બુદ્ધિના તાબામાં. એટલે બુદ્ધિ કહે એમ અહંકાર કર્યા કરે છે. બુદ્ધિ કહે કે અહીં સહી કરો એટલે કરી આપે. બુદ્ધિની આંખે બિચારો સહીઓ કરે છે, પણ રોફ તો એનો જ છે. ચલણ બુદ્ધિનું ને રોફ એનો ! સહી એની થાય ! પ્રેસિડન્ટ ઑફ ઈન્ડિયા (રાષ્ટ્રપ્રમુખ) જાણે હોય એવું ! અહંકાર મોટો છે અને બુદ્ધિ એની આસિસ્ટન્ટ (મદદનીશ) હોવા છતાં વડાપ્રધાન તરીકે કામ કરી રહી છે. હવે બુદ્ધિ જે કરી રહી છે તેના આધારે ચાલી રહ્યું છે. બુદ્ધિ હોય ત્યાં અહંકાર હોય જ. મન હોય ત્યાં અહંકાર હોય યા ના પણ હોય.

### ત્રણ ભેગા થયા કાર્ય થઈ જાય

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ અને અહંકાર, બેનું ભેગું ડિસિઝન હોય છે. જો એ મનમાં ભળે તો મનનું કાર્ય થાય અને ચિત્તમાં ભળે તો ચિત્તનું કામ થાય છે, એવું થયું ને ?

**દાદાશ્રી :** હા, ચારમાંથી ત્રણ જે ભેગા થાય ને, તે કાર્ય થઈ જાય. કોઈ ફેરો રાત્રે જાગ્યા હોય તો મનને સંયોગી પુરાવો ભેગો થઈ જાય તો મન તે ઘડીએ વિચારણામાં પડે. જે સંયોગી પુરાવો ભેગો થયો તે ટાઈમિંગ ખૂટતો હોય, પણ તે ભેગું થયું કે ફૂટ્યું. એટલે આપણને વિચારો તે જાતના આવ્યા કરે કે તે ઘડીએ ધંધાના એવા વિચારો ના આવે, પણ જે જાતનું છે તે જાતના વિચારો આવે, તે મન કહેવાય છે. અને મન જે ઘડીએ ચાલુ થયું એટલે ત્યાં આગળ જો ચિત્ત બહારના અંગેનું હોય તો ચિત્ત ત્યાં જાય પાછું ને ઘરના અંગેનું હોય તો ઘરમાં નીચે જાય, ઉપર જાય, ચિત્ત તે ઘડીએ ફર્યા કરે. ત્યારે બુદ્ધિ ડિસિઝન આપવાની તૈયારી કરે. હવે જો ચિત્ત આમાં ઊભું ના રહે, ચિત્ત સામાવાળિયું થઈ પડ્યું હોય, તો બુદ્ધિ મનને ભેગી થઈ જાય. મનના વિચારો અને બુદ્ધિ એક થઈ જાય તો અહંકાર સહી કરી આપે. જ્યાં બુદ્ધિ ભેગી થઈ જાય ત્યાં અહંકાર સહી કરી આપે. આ રીતે પાર્લામેન્ટ ચારની ! તેમાંથી એક ચિત્ત જો ખસી ગયું હોય તો તેનો વિરોધ રાખી અને કામ આગળ ચાલ્યા કરે. અહંકાર તો ફક્ત જ્યાં બુદ્ધિ કહે ત્યાં સહી કરી આપે એ એનો નિયમ છે. અગર તો કોઈ ફેરો છે તે ચિત્તને ગમે કે અમુક જાત્રા મને બહુ ગમી ગઈ એટલે બુદ્ધિ જો એમાં ભળે, બુદ્ધિ એક્સેપ્ટ (સ્વીકાર) કરે એટલે

ડિસાઈડ (નક્કી) કરે એટલે એક બાજુ ત્રણ થઈ જાય એટલે મન રખડી પડે.

## એ બન્ને જાણે કે વડાપ્રધાન ને પ્રેસિડન્ટ

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ અને અહંકાર બેને સંબંધ કેવી રીતે છે ?

**દાદાશ્રી :** બુદ્ધિ ને અહંકાર એ બેને સંબંધ છે, રિલેશન છે. અહંકાર પ્રેસિડન્ટ હોય અને બુદ્ધિ વડાપ્રધાન હોય, એવી રીતે છે આ. તે વડાપ્રધાન જેટલું કહે એટલું પેલાને સહી કરી આપવી પડે. વડાપ્રધાન જેમ નચાવે એમ નાચવું પડે. એટલે અહંકાર આંધળો છે, એને આંખ નથી, એ શી રીતે ખબર પડે ? ત્યારે કહે, જો લોભમાં પડે તો લોભાંધ કહેવાય, માનમાં પડે તો માનાંધ કહેવાય. તે જેમાં જેમાં પડે એ અંધ કહેવાય. મૂળ પોતે જ અંધ છે. અહંકાર વગર તો બુદ્ધિ ઊભી જ ના રહે ને ! સ્વતંત્ર બુદ્ધિથી કામ ના થાય. એ તો સહી કરાવી લીધા પછી તો કામ કરે. આ પાર્લામેન્ટરી પદ્ધતિ છે. અહંકાર વગર તો કોઈ કાર્ય જ ના થાય ને !

**પ્રશ્નકર્તા :** અહંકાર કેવી રીતે ઉત્પન્ન થાય છે અને મનમાં ક્યાં રહે છે ?

**દાદાશ્રી :** મનમાં નથી રહેતો. મન જુદું ને અહંકાર જુદો. બેની દુકાન જ જુદી, બેનો વેપાર જુદો. અહંકાર તો મોટો પ્રેસિડન્ટ કહેવાય. મનનું ધાર્યું કરાવવું હોય તો અહંકારની પાસે સહી થાય તો થાય.

**પ્રશ્નકર્તા :** આ ઈગોઈઝમને એવી બીક રહેતી હશે કે જો આ બુદ્ધિનું નહીં માનીએ તો આપણે પછડાઈ જઈશું.

**દાદાશ્રી :** બુદ્ધિના આધારે તો એ જીવી રહ્યો છે. બુદ્ધિનો આધાર એ તો એનું જીવન જ છે. બુદ્ધિ છે તો તું છે. બુદ્ધિ છે તો એનું અસ્તિત્વ છે, નહીં તો અસ્તિત્વ જ નથી. પાછા છે જુદા, બુદ્ધિ ને એ બેઉ જુદા છે. ઘણા ફેરા તો બુદ્ધિ અને એ બેને મતભેદ પડે. બુદ્ધિ કહે, 'આટલો અહંકાર કરવા જેવો નથી.' ત્યારે પેલો કહે, 'કરવાનો, બોલ.' એટલે આમ છે જુદા. છતાં એ તો બુદ્ધિ કહે ત્યાં જ સહી કરે છે. આ પાર્લામેન્ટ તો બહુ જબરજસ્ત છે ! છે પાર્લામેન્ટ (સિસ્ટમ), એટલે બીજી મુશ્કેલી નથી અને ખોટુંય નથી.

## વિગતવાર સમજ, એ પદ્ધતિની

એટલે મહીં આમ વાતો બધી ચાલતી હોય, પણ કોઈ પણ વસ્તુ ડિસિઝન આપે તે પાર્લામેન્ટરી ડિસિઝન હોય. અંતઃકરણ એટલે પાર્લામેન્ટ પદ્ધતિ ! મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર, ચાર મેમ્બરો (સભ્યો) ની પાર્લામેન્ટ અંદર ભરાય છે. આ ચારમાં વધુ મતે કાર્ય થવાનું. એમાં પ્રેસિડન્ટ અહંકાર છે, બુદ્ધિ વડાપ્રધાન છે અને પેલા બે વોટ આપનારા છે.

આ મન અને ચિત્ત, બે જણ રહ્યા. એ બેમાંથી એકના પક્ષમાં ભળે આ બુદ્ધિ. પોતાને ઠીક લાગે તો મનના પક્ષમાં ભળે તો ચિત્તને ઉડાડી મારે અને ચિત્તના પક્ષમાં પડે તો મનનું ઉડાડી મારે, તે પેલા બે ઓચિંતા ભળી જાય. જ્યાં બુદ્ધિ ભળે ત્યાં અહંકાર જોડે જ હોય. એટલે વોટિંગ વધી જાય ને પેલું ? એક બાજુ એક જણ અને એક બાજુ ત્રણ, જ્યાં આગળ ત્રણ થઈ જાય તેનું કાર્ય થવાનું મહીં. આ પ્રમાણે થયા કરવાનું.

બુદ્ધિ પ્રકાશવાળી છે અને બુદ્ધિ જ્યાં દોડે છે ને, ત્યાં અહંકાર તરત પહોંચી જાય છે. કારણ કે અહંકાર એ પોતે આંધળો છે, એટલે બુદ્ધિ વગર એને ચાલે એવું નથી. એ બુદ્ધિની આંખે જ જોયા કરે છે. ખાલી પ્રેસિડન્ટ કહેવાય એટલું જ, બાકી સત્તા પેલીના હાથમાં બધી. અને મન-બન કશાનું ના ચાલે. બુદ્ધિ હોય ને, ત્યાં કોઈનું ના ચાલે.

**પ્રશ્નકર્તા :** એવું બને ને કે જે વસ્તુ પર

અહંકારની સહી ના થઈ પણ બુદ્ધિએ ડિસિઝન લીધું, પછી એ કાગળિયાનું શું ?

**દાદાશ્રી :** ના. બુદ્ધિએ ડિસિઝન લીધું ને, તેના પર અહંકારની સહી થઈ જ જાય. એટલે એ કાર્ય થઈ ગયું. અને અહંકાર છૂટો પડી ગયો ને બુદ્ધિ એકલી રહી ગઈ, તે વિધવા સ્થિતિમાં. પ્રેસિડેન્ટ ના હોય તો વિધવા જેવું જ ને !

કોઈ વાર મન ના કહેતું હોય, તો કોઈ વાર ચિત્ત ના કહેતું હોય. બાકી અહંકાર તો બુદ્ધિ જોડે જ હંમેશાં, એકલો ના હોય. એકલો અહંકાર બુદ્ધિથી છૂટો પડે નહીં. બુદ્ધિ અને અહંકાર એ બે બનતા સુધી જુદા ના પડે, કો'ક ફેરો જુદા પડે. બુદ્ધિ જોડે તો અહંકારે સહી કરેલી હોય છે. હવે એ સહી જુદી પાડે, એનું નામ પુરુષાર્થ.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ અને અહંકારને છૂટા પાડે એ પુરુષાર્થ ?

**દાદાશ્રી :** એ પુરુષાર્થ. એ વ્યવહારિક પુરુષાર્થ છે.

## 'અંતઃકરણ'ના ભૌગોલિક સ્થાનો

**પ્રશ્નકર્તા :** તો પછી આ ચાર વસ્તુઓને (મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર) શરીરમાં કોઈ વિશિષ્ટ સ્થાન છે કે સમજ આપી છે ?

**દાદાશ્રી :** વિશિષ્ટ સ્થાન છે બધાના. મન એ પોતે સૂક્ષ્મરૂપેય છે ને સ્થૂળરૂપેય છે. એના વિશિષ્ટ સ્થાન છે.

**પ્રશ્નકર્તા :** મનનું સ્થાન ક્યાં છે ?

**દાદાશ્રી :** સૂક્ષ્મ મનનું સ્થાન અહીંથી (બે ભ્રમર વચ્ચેથી) અઢી ઈંચ છેટે છે. આ જગ્યાએથી અઢી ઈંચ અંદર સૂક્ષ્મ મનનું સ્થાન છે. સ્થૂળ મનનું સ્થાન હ્રદયમાં છે, હાર્ટમાં છે. પછી સ્થૂળ ચિત્ત અહીં આગળ છે.

**પ્રશ્નકર્તા :** અહીં આગળ, એટલે આને કયો ભાગ કહેવાય ? બોચીનો ભાગ કહેવાય ?

**દાદાશ્રી :** ના. આ માથાનો પાછળનો ભાગ, આ ભ્રમર હોય ને તેનાથી થોડે નીચે, પણ પાછળ, ત્યાં ચિત્ત હોય.

**પ્રશ્નકર્તા :** એ સ્થૂળ ચિત્ત ?

**દાદાશ્રી :** હા, સ્થૂળ ચિત્ત.

**પ્રશ્નકર્તા :** ફોટોગ્રાફી લઈ શકાય એવું ?

**દાદાશ્રી :** હા, ફોટોગ્રાફી લઈ શકાય.

એટલે આમ ચિત્તનું સ્થાન ક્યાં છે ? તમારી ચોટલી છે ને ત્યાં છે, પાછળ માથામાં ચોટલીનો ભમરો હોય છે ને, ત્યાં હોય છે. ત્યાં ચિત્તનું સ્થાન છે, સ્થૂળ ચિત્ત.

**પ્રશ્નકર્તા :** સૂક્ષ્મ ચિત્તનું સ્થાન ક્યાં છે ?

**દાદાશ્રી :** અને સૂક્ષ્મ ચિત્ત એ છે તે બુદ્ધિની જોડે રહે છે. એટલે અરૂપી છે અને મન રૂપી છે. હ્રદયની અંદર મનની પાંદડીઓ છે. રૂપી એટલે અમુક જ માણસો જોઈ શકે, બધા ન જોઈ શકે એને. અને બુદ્ધિ એય કંઈ રૂપી નથી, એક જાતનો પ્રકાશ છે. ચિત્તેય એક જાતનો પ્રકાશ છે, પણ એ અશુદ્ધ પ્રકાશ છે. ભ્રાંતિથી જે જ્ઞાન થાય છે એ બધો અશુદ્ધ પ્રકાશ. આ ચિત્તને શુદ્ધ કરવાથી મોક્ષે જાય.

**પ્રશ્નકર્તા :** આ મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારના એ જે સ્થાન આપે બતાવ્યા, વૈજ્ઞાનિકોના ડેસ્ટિનેશન (સ્થાન) મુજબ, આ બધી જ જગ્યાએ એવા સેલ છે કોમ્પ્યુટર જેવા, કે જે આપેલી માહિતીને સંઘરે છે અને જરૂર પડે પાછી બહાર કાઢે છે, તો હવે આમાં વિચારોનું ડિસ્ટિન્ગ્વિશ (જુદા પાડવા) વૈજ્ઞાનિકોની દ્રષ્ટિએ અને આપની દ્રષ્ટિએ જુદું પડે છે. તો એ પેલા લોકોની બિલકુલ ખોટી જ વાત છે, વૈજ્ઞાનિકોની ?

**દાદાશ્રી :** નહીં, ખોટી વાત નથી, એમને એવું ભાસે છે. જેમ કેટલાક લોકો 'ગોડ ઈઝ ક્રિયેટર' માને છે, તે એમનું દૃષ્ટિબિંદુ છે. અને આ આમને ભાસે છે કે આમ હોવું જોઈએ. અને તે વખતે એ બાબતમાં એમની કેટલીક બાબત ખરીય નીકળે. કારણ કે એના ફોટા પાડી શકે તેમ છે, એના સૂક્ષ્મ ફોટા લઈ શકાય એવા છે. આ લોકો સમજી શકે. કારણ કે એમની ગિફ્ટ (બક્ષિસ) છે આ બધી. એ જ્ઞાની નથી છતાં પણ ગિફ્ટ છે એમની. આ ગિફ્ટ દર્શનમાં દેખાય. હા, એટલે સૂઝ પડી જાય બધી.

**પ્રશ્નકર્તા :** આપે જે બતાવ્યું કે મન-બુદ્ધિ-ચિત્ત, આ ત્રણ જે બતાવ્યા, ત્રણે ત્રણની પ્રક્રિયાનું ડિમાર્કેશન અંદર તો કોઈ જગ્યાએ છે જ નહીં. એ તો એક આખો મેળ જ છે એવો કે જે માહિતી સંઘરે છે ને બહાર કાઢે છે, કોમ્પ્યુટર જ થયું એક જાતનું ?

**દાદાશ્રી :** એટલે આ મેં જે કહ્યું ને, અંતઃકરણ તે એની પ્રક્રિયા છે આ ! એની પ્રક્રિયા જે સ્થૂળ હોય ને, તે અમે તમને બતાવી શકીએ કે આની આ પ્રક્રિયા આમ છે. ચિત્ત આમ જ કર્યા કરે છે, મન આવું જ કર્યા કરે છે. એટલે આપણે ઓળખવું હોય તો મનને નિરંતર વિચાર આવે એટલે જાણવું કે અત્યારે મનનું સામ્રાજ્ય છે. એવી રીતે બધું સમજી શકાય છે.

## ભેદ, સ્થૂળ અને સૂક્ષ્મના

**પ્રશ્નકર્તા :** હવે મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર, આ ચારેયને આમ આપણે ચાર ગણીએ ખરા પણ એ એક જ શક્તિ જુદી જુદી રીતે આવિષ્કાર થાય છે ?

**દાદાશ્રી :** એવું નથી, એક્ઝેક્ટલી (ચોક્કસપણે) સ્થૂળમાં પણ ચાર છે. તે સ્થૂળથી સૂક્ષ્મ સુધીનો બધો ભાગ છે. ચિત્ત સ્થૂળેય છે ને સૂક્ષ્મ પણ છે. એ સ્થૂળની મહીં સૂક્ષ્મ રહેલું છે. સ્થૂળ એટલે એનો ફોટો પડે એવો છે. અહંકારનો પણ ફોટો પડે એવો છે. એને આ લોકો 'ચક્ર' કહે છે.

**પ્રશ્નકર્તા :** ચિત્ત જે સ્થૂળ સ્વરૂપ છે તે અહીંયા (પાછળ ચોટલી પાસે) છે અને બહાર સૂક્ષ્મ ભાગ ગયો, તો એનો ફોટો કેવી રીતે પડે ?

**દાદાશ્રી :** જે એની બેટરી છે ને, ચિત્ત એ બેટરી સ્વરૂપ છે કે જેમાંથી એ ચાર્જ થઈ રહ્યું છે, એ ના હોય તો ચિત્ત ચાર્જ ના થાય. તો એ ચિત્તની બેટરી સ્વરૂપ છે. તે બેટરીમાંથી એવિડન્સ મળે છે ત્યારે ડિસ્ચાર્જ થાય ને ડિસ્ચાર્જ થાય ત્યારે અહીંથી રામેશ્વર જાય. એવિડન્સ મળ્યા એટલે રામેશ્વર જાય, તેથી કરીને અહીંથી ચિત્ત જતું રહ્યું નથી. જેમ આ લાઈટ છે, પણ તેનું તેજ બહાર જાય છે ને તેવી રીતે આ ચિત્ત બહાર જાય છે અને એ સૂક્ષ્મ છે. પણ વસ્તુસ્થિતિમાં સ્થૂળમાંથી ઊભું થયેલું છે એ. એટલે એ સૂક્ષ્મ ચિત્તનો ફોટો લઈ શકે એવું છે, એ ચિત્ત મગજના આ પાછળના ભાગમાં રહેલું છે, એ ટેકરો કોઈકનો ઊંચો હોય છે, કોઈકનો ટૂંકો હોય છે. એ ચિત્તનો ફોટો હોય છે.

હવે આપણે જે દશમ સ્થાન છે ને, તાળવું જેને કહે છે ને, જ્યાં ઘી લગાડે છે, ત્યાં બુદ્ધિનું સ્થાન છે. બુદ્ધિનો ફોટો લઈ શકાય એવી બુદ્ધિ છે. ક્યાંથી બુદ્ધિ પ્રકાશમાન થાય છે, તે બેટરીનો ફોટો લઈ શકાય છે. અને અહંકાર ક્યાં છે ? એ અહીંયા પાછળ કેડ નીચે છે. છોકરાંઓને 'શાબાશ' કહીને પાછળ નીચે ધબ્બો મારો છો, તે એના અહંકારને તમે એન્કરેજ કરો (પોષો) છો. એટલે ખીલે પછી. અહંકારની જગ્યા ત્યાં હોવાથી એ જ જગ્યાએ ધબ્બો મારવો જોઈએ, ત્યાં શાબાશી આપવી પડે. જે મહાન પુરુષો હાથથી ધબ્બો મારે છે ને, 'જાઓ, કામ શરૂ કરો', તે ઘડીએ હાથ ત્યાં પડે છે. એ અહંકારને પહોંચે છે અને એ એક્ઝેક્ટ (હૂબહૂ) ફોટો પડે એવું છે. કેમેરામાં ફોટો આવી જાય.

## મનનો જન્મ, એના ફાધર-મધર

હવે મન શાથી ઊભું થયું છે, એ જો શોધી આપે તો હું એને 'વિજ્ઞાની' કહું. સહુ કોઈ કહે કે મન મારું છે, મન મારું છે. પણ મન શું છે ? શાથી ઊભું થયું છે અને શેનું બનેલું છે ? એટલે ક્રિયેશન (ઉત્પન્ન) કેવી રીતે થયેલું છે ? એને એ ના જડે. નિરંતર ક્રિયેશન બદલાયા કરે છે મનનું. માટે શી રીતે થયેલું છે, એ કોઈ ના કહી શકે.

**પ્રશ્નકર્તા :** મન શું છે ?

**દાદાશ્રી :** હા, આવું પહેલું તમે પૂછ્યું આ. વૉટ ઈઝ માઈન્ડ (મન શું છે ?) હૂ ઈઝ ધી ફાધર એન્ડ મધર ઑફ માઈન્ડ ? (મનના માતા-પિતા કોણ છે ?) એનો જન્મ શી રીતે થયો તે ? મા-બાપ વગર જન્મ થાય ખરો ?

મનનો એમ ને એમ તો જન્મ થાય નહીં. અમે તમને એમાં રૂપરેખા આપીએ; આખું તમને સમજાવી ના શકીએ. કારણ કે બીજું બધું અવર્ણનીય છે, શબ્દોથી વર્ણન કરી શકાય એવું નથી. એટલે જેટલું વર્ણન કરી શકાય એટલું કહીએ છીએ. આ મન, એના મા-બાપ હું જાણી ગયો છું.

**પ્રશ્નકર્તા :** એ કેવી રીતે જાણવું ?

**દાદાશ્રી :** કોઈને પૂછવું, કોઈ પુસ્તકમાં ફાધર-મધરનું નામ લખેલું નથી ?

**પ્રશ્નકર્તા :** દુનિયાના કોઈ પુસ્તકમાં નથી લખ્યું, દાદા. એ આપની પાસે જ છે.

**દાદાશ્રી :** ફાધર-મધર ના હોય તો માઈન્ડ હોય જ નહીં. ફાધર-મધર છે જ. કોણ ફાધર છે તે તમે જાણો છો ? ચા મોળી આવે તો 'ચા મોળી છે' એવો અભિપ્રાય આપો કે ના આપો ?

**પ્રશ્નકર્તા :** આપીએ.

**દાદાશ્રી :** એ ઓપિનિયન ઈઝ ધી ફાધર ઑફ માઈન્ડ એન્ડ લેંગ્વેજ ઈઝ ધી મધર ઑફ માઈન્ડ. (અભિપ્રાય એ મનના પિતા છે અને ભાષા એ મનની માતા છે.) જે લેંગ્વેજ(ભાષા)માં તમે ઓપિનિયન (અભિપ્રાય) આપો છો એ લેંગ્વેજ મધર છે અને ઓપિનિયન ફાધર છે. ઓપિનિયન ના હોય તો મન હોય નહીં. આ દુનિયામાં પહેલી વખત આ બધા ફોડ પડ્યા; એક્ઝેક્ટનેસમાં (યથાર્થતાએ) !

મનના ફાધર અને મધર કોઈને જડ્યા જ નથી. વર્લ્ડ (દુનિયા) હશે ત્યારથી નથી કહેવાયું. તે આ પહેલી વખત માઈન્ડના ફાધર-મધર કહેવામાં આવે છે. એટલે આ અભિપ્રાય આપે તો મન ઊભું થઈ જાય. અભિપ્રાય આપવાની લોકોને ટેવ હોય છે ?

**પ્રશ્નકર્તા :** હોય છે.

**દાદાશ્રી :** તેનાથી આ મન ઊભું થયેલું છે, બીજું કશું નહીં.

## બુદ્ધિ એ ઈન્ડિરેક્ટ પ્રકાશ

**પ્રશ્નકર્તા :** મનને, બુદ્ધિને એક કરીએ, તો જ જ્ઞાનનું દર્શન થાય કે એમ ને એમ થાય ?

**દાદાશ્રી :** ના, બુદ્ધિની જરૂર નથી. બુદ્ધિ તો સંસારાનુગામી છે, સંસારમાં જ ભટકાવનારી છે. આ બુદ્ધિ તો માર ખવડાવી ખવડાવીને તેલ કાઢી નાખશે. બુદ્ધિ હંમેશાંય સંસારની બહાર નીકળવા જ ના દે. બુદ્ધિ એ ઈન્ડિરેક્ટ પ્રકાશ છે. એટલે ડિરેક્ટ પ્રકાશ હોય તો જ નીકળવા દે. બુદ્ધિ સંસારમાં હિતકારી છે, પણ મોક્ષે જતા વાંધો ઉઠાવે. બુદ્ધિ તો સંસારને જ ચલાવનારી છે. સંસારમાં બુદ્ધિની જરૂર પડે છે ત્યારે ઓટોમેટિકલી (આપોઆપ) ચાલુ થઈ જાય છે. બુદ્ધિ એ સંસારાભિમુખ છે. તે સંસારની અંદર ફળ આપે પણ બહાર ના નીકળવા દે, મોક્ષે ના જવા દે. મોક્ષમાં તો જ્ઞાનપ્રકાશ જ જોઈશે.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ અને જ્ઞાનપ્રકાશ એ બેમાં શો ફેર છે ?

**દાદાશ્રી :** એવું છે ને, કે બુદ્ધિ શું છે એ તને સમજાવું. જ્ઞાન અને બુદ્ધિ બેના સ્વભાવમાં જ ડિફરન્સ (તફાવત) છે. જેમ સોનું અને પિત્તળ, બે જુદું હોય ને ? પિત્તળ છે તે સોના જેવું દેખાય પણ છતાં ગુણધર્મમાં ફેર હોય. બુદ્ધિની વ્યાખ્યા તેં સાંભળી જ નહીં હોય કોઈ દહાડોય ! કેટલા ભાગને બુદ્ધિ કહેવી અને કેટલા ભાગને જ્ઞાન કહેવું તેની વ્યાખ્યા આપું. જ્યાં કંઈ પણ બુદ્ધિ છે ત્યાં તમને 'ડાર્કનેસ' (અંધારું) લાગે. કારણ કે એ ઈન્ડિરેક્ટ (સીધો નહીં એવો) પ્રકાશ છે. અને જ્ઞાનપ્રકાશ એ ડિરેક્ટ (સીધો) પ્રકાશ છે.

'ઈન્ડિરેક્ટ' પ્રકાશ એટલે સૂર્યનું અજવાળું અરીસા ઉપર પડ્યું ને અરીસામાંથી પ્રકાશ રસોડામાં ગયો. આ 'ઈન્ડિરેક્ટ' પ્રકાશ થયો. એવી રીતે આત્માનો પ્રકાશ અહંકાર ઉપર પડે છે અને ત્યાંથી બહાર નીકળે છે તે બુદ્ધિ થઈ. અરીસાની જગ્યાએ અહંકાર છે ને સૂર્યની જગ્યાએ આત્મા છે. આત્મા મૂળ પ્રકાશવાન છે, સંપૂર્ણ સ્વ-પર પ્રકાશક છે. તે પરને પ્રકાશે ને પોતાને પણ પ્રકાશે. આત્મા બધા જ જ્ઞેયોને પ્રકાશ કરે. એટલે અહંકારના 'મીડિયમ'(માધ્યમ)થી બુદ્ધિ ઊભી થઈ છે. અહંકારનું 'મીડિયમ' ખલાસ થઈ જાય, તો બુદ્ધિ રહે નહીં. પછી 'ડિરેક્ટ' પ્રકાશ આવે. મને 'ડિરેક્ટ' પ્રકાશ મળે છે. અમારે વચ્ચે અહંકાર ખલાસ થઈ ગયેલો હોય એટલે પછી આમ સીધો પ્રકાશ જ પડે, એ જ્ઞાન !

## ચિત્ત એટલે જ્ઞાન-દર્શન

**પ્રશ્નકર્તા :** મન અને આત્માની વચ્ચેની જે સ્થિતિ છે એ ચિત્ત ?

**દાદાશ્રી :** ના. અંતઃકરણનું ત્રીજું અંગ તે ચિત્ત છે. ચિત્તનું કાર્ય ભટકવાનું છે, એ જેમ છે તેમ ફોટા પાડી આપે. અહીં બેઠા બેઠા અમેરિકાની ફિલ્મ જેમ છે તેમ દેખાડે એ ચિત્ત છે. મન તો આ શરીરની બહાર જ ના જાય. બહાર જાય છે તે ચિત્ત અને બહાર ભટકે છે તે અશુદ્ધ ચિત્ત. ચિત્ત તો એની અશુદ્ધતાને લઈને ભટકે છે. ચિત્ત શુદ્ધ થાય એટલે ભટકે નહીં. શુદ્ધ ચિત્ત તે જ શુદ્ધ આત્મા.

ચિત્ત એટલે જ્ઞાન-દર્શન, આ બે ગુણનો અધિકારી એ ચિત્ત. આ બન્નેય ગુણ અશુદ્ધ હોય તો એ અશુદ્ધ ચિત્ત કહેવાય અને શુદ્ધ હોય તો શુદ્ધ ચિત્ત કહેવાય.

આ ચિત્ત તો અંદરેય ભટકે છે ને બહારેય ભટકે છે. મગજમાં શું બને છે એ ચિત્ત જોઈ આવે છે. અનાદિકાળથી ચિત્ત નિજ ઘર ખોળે છે. તે ભટક્યા જ કરે છે. તે ભાતભાતનું જોયા કરે છે. એટલે જુદું જુદું જ્ઞાન-દર્શન ભેગું થાય છે. અને ચિત્તવૃત્તિ જે જે જુએ તેનો સ્ટોક કરે છે. અને વખત આવ્યે આમ છે, આમ છે એમ દેખાડે છે. ચિત્ત જે જે કંઈ જુએ છે તેમાં જો ચોંટી ગયું તો તેના પરમાણુઓ ખેંચે છે અને તે પરમાણુઓ ભેગા થઈ તેની ગ્રંથિઓ થાય છે જે મન સ્વરૂપ છે. અને વખત આવ્યે મન પેમ્ફલેટ દેખાડે છે, તે ચિત્ત જુએ છે અને બુદ્ધિ ડિસિઝન આપે છે.

અહીં બેઠા હોય ને પરદેશમાં જોઈ આવે, ઘર-બર બધું જોઈ આવે એ જોઈ આવવાનો, જાણી આવવાનો સ્વભાવ એ ચિત્તનો છે; જ્યારે મનનો સ્વભાવ દેખાડવાનો, પેમ્ફલેટ દેખાડવાનો છે. મન એક પછી એક પેમ્ફલેટ દેખાડે. લોકો તો પાડાને વાંકે પખાલીને ડામ દે છે, કહે છે કે, 'મારું મન ભટકે છે !' મન ક્યારેય આ શરીર છોડીને બહાર ના જઈ શકે, જાય છે તે ચિત્ત છે. લોકો તો મનને ઓળખતા નથી, ચિત્તને ઓળખતા નથી, બુદ્ધિને ઓળખતા નથી ને અહંકારનેય ઓળખતા નથી.

## અજ્ઞાનતાથી ઊભો અહંકાર

**પ્રશ્નકર્તા :** અહંકાર શું છે ? ક્યાંથી આવ્યો ને કોને આવ્યો ? અહંકાર ક્યાંથી ઉત્પન્ન થયો ?

**દાદાશ્રી :** એ વિનાશી ચીજ છે. ક્યાંયથી

આવવાનો નહીં. એ ઊભો થઈ જાય છે ને નાશ થાય છે. પછી ડૉક્ટરને કહે છે, કે 'સાહેબ, હું મરી જઈશ, મને બચાવજો.' આ જે ભોગવે છે ને, તે અહંકાર છે.

**પ્રશ્નકર્તા :** અહંકાર કોને આવ્યો ?

**દાદાશ્રી :** જે અણસમજણ છે તેને. અજ્ઞાનને અહંકાર આવ્યો.

બે વસ્તુ છે, અજ્ઞાન અને જ્ઞાન. જ્ઞાન એટલે આત્મા અને અજ્ઞાન એટલે અનાત્મા. તે અજ્ઞાનને અહંકાર આવ્યો. તેનું આ બધું ઊભું થઈ ગયું.

મૂળ અજ્ઞાનતા છે, પોતાને પોતાની અજ્ઞાનતા છે. એ રૂટ કૉઝથી આ બધું ઊભું થયું છે. જો એ અજ્ઞાનતા પોતે સજ્ઞાનતામાં આવી જાય, તો આ બધું વિલય થઈ જાય છે.

## એ છે ડિસ્ચાર્જ પરિણામ

**પ્રશ્નકર્તા :** તો આ બધું કોણ કરતું હશે ? આ બધી જ્ઞાનેન્દ્રિય ને કર્મેન્દ્રિયની મુવમેન્ટસ્ (ગતિ) અને એના મેનેજમેન્ટ (સંચાલન)નું કંટ્રોલિંગ પાવર (કાબૂમાં રાખવાની શક્તિ) કોણ છે ?

**દાદાશ્રી :** એનો કંટ્રોલ (કાબૂ કરનાર) એ રિએક્શનરી પાવર (પરિણામિક શક્તિ) છે, ડિસ્ચાર્જ પાવર છે. હવે એ અંતઃકરણની મુવમેન્ટસ્ છે જ, પણ એ કોઈને ચલાવવું પડે નહીં. એ ડિસ્ચાર્જ (નિર્જરા) થતું છે. ડિસ્ચાર્જમાં તો કોઈને કશું કરવું પડે નહીં ને !

**પ્રશ્નકર્તા :** અંતઃકરણ સ્વસંચાલિત છે ?

**દાદાશ્રી :** સ્વસંચાલિત, પણ તે ડિસ્ચાર્જ છે. સ્વસંચાલિત એટલે આ કોઈ ગપ્પું નથી; ડિસ્ચાર્જ થતી વસ્તુ છે. એટલે હમણે પાંચ રતલ હોય તો સ્વસંચાલિત તો વધતું પાંચના દસ રતલેય થાય, એ વસ્તુ ઘટે નહીં અને આ તો ઘટે. એટલે પાંચ રતલનું ચાર થાય, ચારનું ત્રણ થાય, ત્રણનું બે થાય, એક થાય પછી ઝીરો થાય ને અહીંથી નનામી નીકળી જાય છે.

**પ્રશ્નકર્તા :** એટલે ઓછું થતું જાય ?

**દાદાશ્રી :** ડિસ્ચાર્જ થતું જાય. એટલે અંતઃકરણને આમ સ્વસંચાલિત કહેવામાં આવે છે. એ સ્વસંચાલિત થાય છે પણ ડિસ્ચાર્જ સ્વરૂપ છે. જેમ ટાંકીનું પાણી સ્વસંચાલિત પડ્યા જ કરે છે, તેનો અર્થ એ કે ખાલી થઈ રહ્યું છે. એટલે ટાંકી ડિસ્ચાર્જ થઈ રહી છે એમ કહેવાય ને !

**પ્રશ્નકર્તા :** ચાર્જ કરનાર હોય તો જ ડિસ્ચાર્જ થાય ને ?

**દાદાશ્રી :** ચાર્જ તો થઈ ગયેલું છે. અત્યાર સુધી તમે જે સાંભળ્યું ને બધું કર્યું એ બધું ચાર્જ (પૂરણ) થઈ ગયેલું કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હવે એ ચાર્જ થઈ ગયેલું છે. હવે હું 'તમને' તમારા સ્વભાવમાં મૂકી દઉં અને આત્માના ધર્મમાં 'તમે' આવી જાવ.

## ધર્મ, આત્માનો ને અંતઃકરણનો

**પ્રશ્નકર્તા :** આત્માનો ધર્મ અને અંતઃકરણનો ધર્મ, એ ભેદ વિગતવાર સમજાવો.

**દાદાશ્રી :** જુઓ, આ કાન છે. તે આપણે ના સાંભળવું હોય, આમ દાબી દઈએ તોય થોડું ઘણું સાંભળી જાય ને ? સાંભળી જાય કે ના સાંભળી જાય ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એટલે સાંભળવું એ કાનનો સ્વભાવ છે. આંખનો સ્વભાવ જોવાનો છે. આપણે ના જોવું હોય, આપણે નક્કી કરીએ કે નથી જોવું તોય આમ કરીને આંખ બાડી કરીને જરા જોઈ લે. આ નાકનો સ્વભાવ આપણે સુગંધ નથી સોડવી

તોય મહીં પેસી જાય. આ જીભનો સ્વભાવ છે કે મરચું તીખું લાગે. આપણને તીખું ના લાગે એમ ઈચ્છા હોય તોય તરત અસર થાય છે. આ બૉડી (શરીર)નો સ્પર્શ સ્વભાવ છે. તે ઠંડી લાગે કે તરત આપણને અસર થાય. આ પાંચ ઈન્દ્રિયો એ જ્ઞાનેન્દ્રિયો છે. અને કર્મેન્દ્રિયો કોને કહેવાય ? આ પગ, હાથ, મોઢું-ખાઈએ છીએ, સંડાસ-બાથરૂમ જઈએ છીએ, એ બધી થઈને પાંચ કર્મેન્દ્રિયો છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો છે; એ બધા એમના સ્વભાવમાં છે. તે આપણે સંડાસ જવું હોય ને કોઈ અસીલ જરા વધારે પૈસા આપે એવો હોય તો એની જોડે વધારે બેસી રહે, એના સ્વભાવને અટકાવીને. પછી એ સંડાસનો સ્વભાવ છે તે ચિડાય પછી. એ પ્રકૃતિ રિએક્શન (પ્રતિકાર) મારે. અને પછી કહેશે, 'મને બંધકોષ થઈ ગયો.' દરેકને પોતપોતાના સ્વભાવમાં રહેવા દો, એના સ્વભાવને હેલ્પ (મદદ) કરો. આ પાંચ જ્ઞાનેન્દ્રિયો ને પાંચ કર્મેન્દ્રિયોની વાત થઈ ગઈ.

હવે બીજી વસ્તુ અંદરની વાત આવી. મન એના સ્વભાવમાં છે. મનનો સ્વભાવ વિચારવું. તમારે ના વિચારવું હોય તોય, કશુંક દેખ્યું કે વિચારવા મંડી પડશે. એના હાથમાં આવવું જોઈએ. એટલે એ એના મનના સ્વભાવમાં છે.

મન મનના ધર્મમાં હોય ત્યારે અવળા વિચાર આવે અને સવળા વિચાર પણ આવે, પણ એ એના ધર્મમાં છે. પણ 'પોતે' સવળો વિચાર આવે ત્યારે કહે, કે મારા સારા વિચાર છે, એટલે 'પોતે' તેમાં ભ્રાંતિથી તન્મયાકાર થઈ જાય છે અને અવળા વિચાર આવે એટલે 'પોતે' તેનાથી છૂટો રહે અને ત્યારે કહે કે મારી ઈચ્છા નથી છતાં આવા અવળા વિચાર આવે છે ! અંતઃકરણમાં બધાના ધર્મ જુદા છે. મનનો ધર્મ જુદો, ચિત્તનો ધર્મ જુદો, બુદ્ધિનો ધર્મ જુદો અને અહંકારનો ધર્મ જુદો. આમ, બધાના ધર્મ જુદા જુદા છે, પણ 'પોતે' મહીં ડખલ કરીને ડખો ઊભો કરે છે. મહીં તન્મયાકાર થઈ જાય છે, એ જ ભ્રાંતિ છે. આરોપિત ભાવથી અહંકારે કરીને તન્મયાકાર થાય છે. આત્મા થયા પછી એ બધાને 'પોતે' છૂટો રહીને જુએ અને જાણે.

'હું ચંદુલાલ' એને જ જ્ઞાની મોટામાં મોટો અને છેલ્લો અહંકાર કહે છે. એનાથી આખું જગત ઊભું રહ્યું છે. આ અહંકાર જાય તો જ મોક્ષે જવાય.

ચિત્ત તમારી ઈચ્છા ના હોય તોય ત્યાં આગળ ઑફિસમાં જાય અને ઑફિસનું ટેબલ, બધું દેખાય. એ ચિત્તનો સ્વભાવ ભટકવાનો છે. દરેક પોતપોતાના સ્વભાવ બતાવી રહ્યા છે. ફક્ત (વ્યવહાર) આત્મા એકલો જ પોતાનો સ્વભાવ છોડી અને બીજા બધાના સ્વભાવને કહે છે, 'હું કરું છું.' એકલા (વ્યવહાર) આત્માએ પોતાનો સ્વભાવ છોડી દીધો અને બીજાના સ્વભાવને 'મેં કર્યું', આ વિચાર કર્યા, તો 'મેં કર્યા' એમ કહે. 'આ ચિત્ત ભટકે છે' તેને કહે 'હું ભટકું છું.' ઓહોહો ! સાંભળ્યું તો 'મેં સાંભળ્યું.' 'સંડાસ હું જઈ આવ્યો, મેં ખાધું' કહેશે. અલ્યા, કઈ જાતનો માણસ છે તું ? દરેક પોતપોતાના સ્વભાવમાં છે. આ વાત સાયન્ટિફિક (વૈજ્ઞાનિક) નથી લાગતી ? હવે ફક્ત આત્માનો સ્વભાવ ઓળખવાની જરૂર છે, બીજું કશું ઓળખવાની જરૂર નથી.

મનનો ધર્મ, બુદ્ધિનો ધર્મ, ચિત્તનો ધર્મ, અહંકારનો ધર્મ, આ બધા ધર્મો અને આત્માનો ધર્મ, આ બધા પોતપોતાના ધર્મમાં આવી જાય, એનું નામ 'જ્ઞાન.' અને એકના ધર્મ ઉપર 'આપણે' દબાણ કરીએ એટલે થયું 'અજ્ઞાન' !

આત્માનો ધર્મ શો છે ? બધા ધર્મને જાણે તે. મન-બુદ્ધિ-ચિત્ત-દેહ - બધા શું કરી રહ્યા છે તેને જાણ્યા કરે, એનું નામ આત્મા. બધા પોતપોતાના ધર્મમાં છે ને 'તમે' તમારા ધર્મમાં રહો.

તમારે હવે કરવાનું શું બાકી રહ્યું ? અહંકાર

ને બુદ્ધિને ખલાસ કરવાના રહ્યા. હવે એ ખલાસ શી રીતે થાય ? 'આત્મા' પોતાના ધર્મમાં આવે તો એ બન્ને નીકળી જાય. બીજા બધા તો પોતપોતાના ધર્મમાં જ છે, બીજો કશો ફેરફાર કરવાની જરૂર નથી.

## સહુ સહુના ધર્મમાં, તો ચાલે બધું બરાબર

આ સંસાર શેનાથી ઊભો છે ? અંતઃકરણમાં મન બૂમાબૂમ કરે તો પોતે ફોન ઝાલી લે ને 'એલાવ, એલાવ' કરે, ચિત્તનો ફોન લઈ લે, બુદ્ધિનો ફોન, અહંકારનો ફોન લઈ લે તેથી. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર શું ધર્મ બજાવે છે, તે જુઓ અને જાણો. 'આપણે' ફોન કોઈનોય લેવાનો ના હોય. આંખ, કાન, નાક વિગેરે શું શું ધર્મ બજાવે છે, તેના આપણે 'જ્ઞાતા-દ્રષ્ટા.' જો મનનો કે ચિત્તનો કે કોઈનોય ફોન ઝાલ્યો તો બધે અથડામણ થઈ જશે. એ તો જેનો ફોન હોય તેને 'એલાવ' કરવા દેવું, 'પોતે' નહીં.

અલ્યા, તેં કોઈ દહાડો ખાધા પછી તપાસ કરી કે મહીં આંતરડામાં કે હોજરીમાં શું થાય છે ? અવયવો તેના ગુણધર્મમાં જ છે. કાન એના સાંભળવાના ગુણધર્મમાં ના હોય તો સંભળાય નહીં. નાક એના ગુણધર્મમાં ના હોય તો સુગંધ અને દુર્ગંધ આવે નહીં. તેવી જ રીતે મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર બધા જ પોતાના ગુણધર્મમાં બરોબર ચાલે છે કે નહીં તેની તપાસ રાખ્યા કરવાની છે. અંતઃકરણ એના ગુણધર્મમાં રહે, જેવું કે મન પેમ્ફલેટ બતાવવાનું કામ કરે, ચિત્ત ફોટા દેખાડે, બુદ્ધિ ડિસિઝન આપે અને અહંકાર સહી કરી આપે, એટલે બધું બરોબર ચાલે. અંતઃકરણમાં કયા કયા ગુણધર્મ બગડેલા છે તેની તપાસ કરવાની અને બગડેલા હોય તો કેવી રીતે સુધારવા એટલું જ કરવાનું. પણ મૂઓ કહે, 'મેં વિચાર કર્યો, હું જ બોલું છું, હું જ કરું છું.' આ હાથ-પગ પણ એના ગુણધર્મમાં છે પણ કહે કે 'હું ચાલ્યો.' માત્ર અહંકાર જ કરે છે અને અહંકારને જ પોતાનો આત્મા માન્યો છે, તેનો જ ડખો છે.

## દિવ્યચક્ષુથી શુદ્ધિકરણ

**પ્રશ્નકર્તા :** અંતઃકરણની શુદ્ધિ માટે જે સાધનો બતાવ્યા છે, તે કેટલા અંશે જરૂરી છે ?

**દાદાશ્રી :** કયા સાધનો ?

**પ્રશ્નકર્તા :** જપ, તપ એ બધા.

**દાદાશ્રી :** જ્યાં સુધી સાધ્ય વસ્તુ મળે નહીં, ત્યાં સુધી સાધનોમાં રહેવું જોઈએ. પણ જો 'જ્ઞાની પુરુષ' મળે તો કશું જ કરવાની જરૂર નથી. 'જ્ઞાની પુરુષ' પોતે જ બધું કરી આપે અને તે ના મળ્યા હોય તો તમારે કંઈ ને કંઈ કરવું જ જોઈએ. નહીં તો ઊંધો માલ પેસી જાય. શુદ્ધિકરણ ના કરો તો અશુદ્ધિ જ થયા કરે કે ના થયા કરે ? એટલે આપણે રોજ પૂંજો તો વાળવો જ પડે ને ? 'જ્ઞાની પુરુષ' મળ્યા હોય તો તેમને કહેવું કે 'સાહેબ, મારો ઉકેલ લાવી આપો.' તે 'જ્ઞાની પુરુષ' એક કલાકમાં બધું જ કરી આપે, પછી એમની આજ્ઞામાં ફક્ત રહેવાનું, કે ચાલુ લિફ્ટમાં હાથ બહાર કાઢશો નહીં, નહીં તો હાથ કપાઈ જશે અને આખી લિફ્ટ ઊભી રાખવી પડે. આ તો મોક્ષે જવાની લિફ્ટ છે.

દેહ સાથે અંતઃકરણની ભેટ મૂકીને એક જ કલાક જ્ઞાની પુરુષ સાથે બેસો તો જગતનો માલિક થાય. અમે એ એક કલાકમાં તો તમારા પાપો ભસ્મીભૂત કરી નાખીએ અને દિવ્યચક્ષુ તમારા હાથમાં આપીએ, શુદ્ધાત્મા બનાવી દઈએ. પછી તમારે જ્યાં જવું હોય ત્યાં જાવ ને ! 'જ્ઞાની પુરુષ'ની હાજરીમાં નીકળેલી વાણી આવરણો ભેદી 'ડિરેક્ટ' આત્માને પહોંચે છે અને આત્માને પહોંચે છે એટલે તરત તમારા મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર પકડી લે છે. અમારી વાણી આત્મામાંથી પાસ થઈને નીકળેલી હોય છે. જગતની વાણી મનમાંથી પાસ થઈને નીકળેલી હોય છે. એટલે એને મન 'એક્સેપ્ટ' (સ્વીકાર) કરે ને અહીં આત્મા 'એક્સેપ્ટ' કરે. પણ પછી પાછું મન, બુદ્ધિ એને પકડી લે.

## જ્ઞાન પછી અંતઃકરણ વ્યવસ્થિતના તાબે

**પ્રશ્નકર્તા :** મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર એ કોની સત્તામાં છે, એ જણાવવા કૃપા કરશો.

**દાદાશ્રી :** આત્મા પ્રાપ્ત થયા પછી મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર બધી સત્તા 'વ્યવસ્થિત'ના તાબામાં છે. આપણે તો આ ઈફેક્ટ જ ભોગવવાની. એટલે આપણે કહીએ છીએ ને, 'વ્યવસ્થિત'ને સોંપ્યું છે.

આ મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર કૂદાકૂદ થાય તો આપણે જાણવું કે અંદર શું 'વ્યવસ્થિત' થઈ રહ્યું છે. આ દેહની બહારના ભાગનું જ 'વ્યવસ્થિત' નહીં, પણ બધુંય મહીં દેહની અંદરના ભાગનું, આ જેટલો ચંચળ ભાગ છે તે બધોય 'વ્યવસ્થિત'ના તાબામાં છે ને અચળ ભાગ એકલો આપણો. અચળ સિવાય બધુંય 'વ્યવસ્થિત.' ચંચળ ભાગ છે તે બધો 'વ્યવસ્થિત'ના તાબામાં છે. કારણ કે કશું ચલાયમાન કરી શકીએ એવું છે નહીં આપણામાં. આ અજ્ઞાનતાથી પ્રતિષ્ઠા થયા કરે છે. પ્રતિષ્ઠા બંધ થઈ જાય એટલે મુક્તિ થઈ જાય. અજ્ઞાનથી પ્રતિષ્ઠા કરે છે કે 'મેં કર્યું' કે પ્રતિષ્ઠા ચાલુ. આત્માની વિભાવદશા થઈ છે, બીજું કશું છે નહીં.

## અંતઃકરણની શુદ્ધિના સાધનો

**પ્રશ્નકર્તા :** અંતઃકરણ શુદ્ધ કરવાનું સાધન કયું ?

**દાદાશ્રી :** અહીં ડૉક્ટરો બધા ભેગા કર્યા હોય તો 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલે ? કેટલા બોલે ? એકુંય ના બોલે. બુદ્ધિ એવી પેસી ગઈ ને ! શુક્લ અંતઃકરણ ઊડી ગયું.

**પ્રશ્નકર્તા :** એટલે બૌદ્ધિક પરિગ્રહ વધ્યા, બુદ્ધિ વધી એટલે ?

**દાદાશ્રી :** હા, એટલે સહજ થવાની જરૂર છે. શું થવાની જરૂર છે ? સહજ. તેમાં એવું સહજ હોવું જોઈએ, સાથે સાથે પાછા પ્રતિક્રમણ કરવા કે 'મારાથી બોલાતું નથી. કેટલા વખતથી મારે આ બોલવાની ઈચ્છા છે, તો મને આ એનો અંતરાય દૂર કરો.' એમ કરતા કરતા બેસી જશે ને સારી રીતે બોલાશે. તન્મયાકાર થઈને સારી પેઠે બોલાશે. બુદ્ધિ થોડીક વધી કે શુક્લ અંતઃકરણ ઊડી જાય. પોતે જુદો પડ્યો એટલે પોતાની જાત જુદી પાડી, એટલે તે જુદો થઈ ગયો. અને 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' ગાવામાં તન્મયાકાર પરિણામ થાય એટલે મનમાં જે વિચારો આવતા હોય તેય ઊડી જાય, અંતઃકરણ ચોખ્ખું થતું જાય.

હવે લોકોને આ શી રીતે ખબર પડે ? કૃપાળુદેવે એટલું કહ્યું કે 'શુક્લ અંતઃકરણવાળા જ્ઞાનીના નેત્ર જોઈને જ ઓળખી લે.' પણ શુક્લ અંતઃકરણ કોને કહેવું ? મોક્ષમાર્ગ આખો હાર્ટિલી માર્ગ છે. અમારામાં સેન્ટ બુદ્ધિ નથી ત્યારે તો જો ને, મોક્ષમાર્ગ આખો ખુલ્લો થયો ને ! તેથી શ્રીમદ્ રાજચંદ્રે કહેલું કે અમારા વાક્યો લખાશે, એને કોણ દાદ આપશે ? કોઈ શુક્લ અંતઃકરણવાળો હશે, તે દાદ આપશે.

આ સત્સંગમાં તો આનંદ માતો ના હોય એવો થાય. કોઈકને આવડો મોટો ધોધ પડતો હોય ને કો'કને આવડી દદૂડી પડતી હોય ! શું કારણ ? બુદ્ધિનો બળાપો પજવે. એ ધીમે ધીમે રોજ (અસીમ જય જયકાર) બોલતા બોલતા નીકળી જાય. પોતાના મનમાં ઈચ્છા થાય ને, કે હારું, આ બધાને આવું થાય છે ને મને કેમ આવું થતું નથી ? એટલે પેલી બુદ્ધિ નીકળવા માંડે અને બુદ્ધિ પેઠી હતી કેવી રીતે ? લોકોએ એન્કરેજ (પ્રોત્સાહિત) કરી ત્યારે પેઠી. કશું કામ ઊકલ્યું એટલે આપણે એમ જાણીએ કે બુદ્ધિ આપણને સરસ સાચવે છે એટલે પેઠી. અહીં બુદ્ધિ હોય નહીં એટલે નીકળવા માંડે.

## જ્ઞાનીનું અંતઃકરણ

**પ્રશ્નકર્તા :** અમારામાં જે મન છે, એવું દાદા પાસે મન છે. અમારે બુદ્ધિ છે, વિચારો છે એય દાદા પાસે છે.

**દાદાશ્રી :** આત્મા એકલો જ સરખો બધાને, બીજો બધો ફેરફાર છે. બીજું, બેઠક તમારી ને મારી ફેરફાર, એટલે હિસાબ બધો ફેરફાર. બીજો બધો માલ તો જુદો જુદો હોય, આત્મા બધો સરખો.

અત્યારે તો મન સરસ છે ને ? જ્ઞાની પુરુષની હાજરીમાં મન બહુ સારું રહે. એનું શું કારણ છે કે એમની હાજરીમાં જો આપણું મન આટલું સારું રહે છે, તો એમનું મન કેવું સુંદર હશે ? એમને મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર હઉ હોય પણ સુંદર હોય. આવા ગાંડા ના હોય. સુંદર એટલે એ અહંકારેય આપણને મનોહર લાગે. મનોહર એટલે મનનું હરણ કરનારો લાગે. હવે જેટલી શક્તિ એક મનુષ્યમાં છે એટલી બીજામાં શક્તિ ખરી કે નહીં ? ઈન્ડિયામાં બર્થ (જન્મ) છે, અહીંનો જન્મેલો છે, તો શક્તિ બધામાં ખરી જ ને ! એને ડેવલપ કરવાની જરૂર છે.

જ્ઞાનીનું અંતઃકરણ કેવી રીતે કાર્ય કરતું હોય ? 'પોતે' જો ખસી જાય તો 'અંતઃકરણ'થી 'આત્મા' જુદો જ છે. આત્મા જુદો થઈ જાય તો સાંસારિક કાર્ય અંતઃકરણથી ચાલ્યા કરે. છૂટું પાડ્યા પછી જ્ઞાનીનું અંતઃકરણ પોતે જ સ્વભાવિક કામ કર્યા કરે. કારણ કે ડખોડખલ બંધ થઈ ગઈ ને, એટલે અંતઃકરણનું કાર્ય સારામાં સારું ને જ્યાં જરૂર હોય ત્યાં જ થાય ને લોકોને ઉપયોગી થઈ પડે. આત્મા જુદો થઈ જાય તો સાંસારિક કાર્યો અંતઃકરણથી ચાલ્યા કરે, એનું નામ જ સહજ !

મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર હાજર ને હાજર રહે, તેનાથી સંપૂર્ણ જાગૃતિ રહે, વીતરાગ જ રહે.

હવે મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર બધું હોય અને 'પોતે' એમાં જાગૃત જ હોય કે 'આ' એ અને 'આ' અમે, 'આ' એ અને 'આ' અમે. અને સંપૂર્ણ વીતરાગભાવે રહીએ. જ્ઞાનીને અંતઃકરણ શુદ્ધાત્મા જેવું જ થઈ જાય. એટલે બીજાને એમ જ લાગે કે આ તો ભગવાન જેવા માણસ છે ! બાકી જેને ડખોડખલ હોય, તેને ભગવાન તરીકે લોક ના સ્વીકારે. અને અંતઃકરણ (ખલાસ થઈ) ગયું એ ભગવાન થઈ જાય, અહીં જ ભગવાન ! અમને ચાર ડિગ્રીનું હજુ થોડુંક કાચું છે, તેની આ ભાંજગડ છે બળી ! તો તમારી જોડે બેઠા, નહીં તો બેસત કંઈ ?

## જોવાથી થાય અંતઃકરણની શુદ્ધિ

**પ્રશ્નકર્તા :** મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર પર આપણો પ્રભાવ પડવો જોઈએ ને ?

**દાદાશ્રી :** મશીનરી પર કોઈ દહાડો પ્રભાવ પડતો જ નથી. એટલે મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર ઉપર પ્રભાવ પડે જ નહીં. એ તો અંતઃકરણ ખાલી થઈ જાય એટલે એની મેળે બધું ઠેકાણે આવી જાય. 'આમને' સાથ ન આપીએ અને એને 'જોયા' જ કરીએ તો આપણે છૂટા જ છીએ. જેટલો વખત 'આપણે' એને જોયા કરીએ, એટલો વખત ચિત્તની શુદ્ધિ થયા કરે.

**પ્રશ્નકર્તા :** તમે શુદ્ધાત્મારૂપે રહીને તમારા અહંકાર-મન-બુદ્ધિને જોયા કરો અને પછી આપે કીધું કે એમને શુદ્ધ કર્યા વગર તમારો છુટકારો નહીં થાય. તો પછી જે ઘડીએ એને શુદ્ધાત્માપદ પ્રાપ્ત થયું, તો એમ ને એમ એ શુદ્ધ ના થઈ જાય ?

**દાદાશ્રી :** એ અમારી આજ્ઞા પાળો ને, એટલે જોવાય. એ જોવાથી શુદ્ધ થઈ જાય. એને અશુદ્ધ જોયો, અશુદ્ધ કલ્પ્યો એટલે બંધાયો. એને શુદ્ધ જોયો એટલે છૂટો થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** ખાલી એને જોયા કરવાથી જ એ પ્રક્રિયા ચાલુ થઈ જાય ?

**દાદાશ્રી :** હા, ચંદુભાઈ શું કરે છે એ તમારે જોયા કરવાનું. ચંદુભાઈની બુદ્ધિ શું કરે છે, ચંદુભાઈનું મન શું કરે છે, એ જોયા કરવાનું. માલ સારો હોય તોય નાખી દેવાનો છે ને એ ખરાબ માલેય નાખી દેવાનો છે. જ્યાં નાખી જ દેવાનો છે ને એને ! એટલે સ્વભાવમાં આવી ગયા પછી શું ? એટલે જોયા કરવું. જે માલ છે,

એની કિંમત નથી, નો વેલ્યુ. આત્મા પ્રાપ્ત કર્યા પછી પુદ્ગલની વેલ્યુ નથી કોઈ જાતની. 'જ્ઞાની'ની આજ્ઞા મનનું શુદ્ધિકરણ કરે છે. 'સ્વરૂપ'નું જ્ઞાન મનને ગમે તે સંજોગોમાં સમાધાન આપશે.

## મહાત્માઓની અંતઃકરણની સ્થિતિ

અક્રમ માર્ગના 'મહાત્માઓ'ને અંતઃકરણની સ્થિતિ કેવી રહે ? તેમને ડખોડખલ બંધ થઈ ગઈ હોય. પણ પાછલા પરિણામ આવે છે ત્યારે પોતે ગૂંચાઈ જાય છે કે 'મારા જ પરિણામ છે.' જ્યારે 'અમને' પૂછે, કે 'પોતાના પરિણામ કે બીજાના ?' તો હું કહું, કે 'આ તો બીજાના પરિણામ છે.'

આ જ્ઞાન પછી 'આપણે' તો 'જ્ઞાતા-જ્ઞેય'નો આ મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર સાથેનો સંબંધ. આપણે જ્ઞાતા અને અંતઃકરણ તે જ્ઞેય. જ્ઞેય-જ્ઞાતા સંબંધ, શાદી સંબંધ નહીં. તેથી છૂટું ને છૂટું જ રહે, 'આપણા'થી તે ! હરેક ચીજ આપણી પાસે છે. કોઈ ચીજ આપણી પાસે નથી એવું નથી. એટલે હવે આ મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકારની ગોઠવણી એવી કરો કે આ જિંદગી કંઈક લેખે લાગે.

અંતઃકરણ શુદ્ધ કરવાનું છે. આ બધી અંતઃકરણની અશુદ્ધતા થઈ છે, તેથી આ સંસાર ઊભો થયો છે અને તે અંતઃકરણની શુદ્ધતાથી મોક્ષમાર્ગ મળી જાય છે. આ જ્ઞાન તો ઠેઠ મોક્ષે લઈ જાય ત્યાં સુધી જોડે જ રહેશે. અહીં અમારી હાજરીમાં અંતઃકરણ શુદ્ધિ થયા કરે. એમાં દુઃખ થતા હોય તો તે બંધ થઈ જાય, ઉપરાંત શુદ્ધિ થાય. એ શુદ્ધિથી તો સાચો આનંદ ઉત્પન્ન થાય ! કાયમની શાંતિ થાય !

**- જય સચ્ચિદાનંદ**

**Atmagnani Pujya Deepakbhai's UAE - Kenya Schedule - 2025**

| Date | Day | City | Time | Event | Venue | Contact No. |
|---|---|---|---|---|---|---|
| 08-Sep | Mon | | | | | |
| 09-Sep | Tue | Mombasa | Full Day | Kenya Shibir | Prior Registration Required | (+254) 734 333 330 |
| 10-Sep | Wed | | | | | |
| 12-Sep | Fri | | 08.00pm - 10.00pm | Pujyashree Satsang | The Kenya Brahma sabha, | (+254) 734757683 |
| 13-Sep | Sat | Nairobi | 04:00 - 07:15pm | **GNAN VIDHI** | 3rd Parklands Avenue, | (+254) 795923232 |
| 14-Sep | Sun | | 08.00pm - 10.00pm | Pujyashree Satsang | Parklands, Nairobi | |
| 17-Sep | Wed | | 08.00pm - 10.00pm | Pujyashree Satsang | Dusti Thani Hotel, | (+971) 55 731 6937 |
| 18-Sep | Thu | Dubai | 07.30pm - 10.00pm | **GNAN VIDHI** | 188 Sheikh Zayed Road, Dubai | (+971) 50 879 2586 |
| 19-Sep | Fri | | 04.30pm - 08.00pm | Pujyashree Satsang | | |
| 21-Sep | Sun | | | | | |
| 22-Sep | Mon | Dubai | Full Day | UAE Shibir | Prior Registration Required | (+971) 55 731 6937<br>(+971) 50 879 2586 |
| 23-Sep | Tue | | | | | |

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### છત્રપતિ સંભાજીનગર

**૧૧ ઓક્ટોબર** (શનિ) સાંજે ૫ થી ૭ - **આપ્તપુત્ર સત્સંગ**

**૧૨ ઓક્ટોબર** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** સાગર રિસોર્ટ, ધૂત હોસ્પિટલની પાછળ, જાલના રોડ, ચિલકલથાના MIDC. **સંપર્ક :** 8982543355

### અડાલજ

**૨૦ ઓક્ટોબર** (સોમ) - રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ

**૨૨ ઓક્ટોબર** (બુધ) - **નૂતન વર્ષ** નિમિત્તે વિશેષ કાર્યક્રમ

**૨૫ ઓક્ટોબર** (શનિ) સાંજે ૫ થી ૭ - **સત્સંગ** તથા **૨૬ ઓક્ટોબર** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**




## સાન હોઝે : સત્સંગ - જ્ઞાનવિધિ : ૧૯ થી ૨૩ જુલાઈ



સપ્ટેમ્બર ૨૦૨૫
વર્ષ-૩૧, અંક-૧
સળંગ અંક-૩૬૧

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## નિયંત્રણ પોતાના હાથમાં આવે, તો થાય પુરુષાર્થ

જે બધી આ ક્રિયા થાય છે તે એક જ વસ્તુમાં થાય છે, એને 'અંતઃકરણ' કહીએ છીએ આપણે. અંતઃકરણમાં આ બધી ક્રિયાઓ થઈ રહી છે. દરેક વખતે એક-એક, મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર, પોતપોતાના ફંક્શનમાં હોય. હવે જ્યાં સુધી આ ફંક્શનમાં આપણે કામ કર્યે રાખીએ, ત્યાં સુધી 'આપણે કોણ છીએ', એ આપણને જડે નહીં. આ ફંક્શનની બહાર જઈએ ત્યારે 'આપણે કોણ છીએ' એવું જડે. પણ તે ફંક્શનની બહાર જવા જ ના દે, એ ફંક્શન એવું છે. ઘડી વારેય, અંતઃકરણની બહાર કોઈનેય જવા જ દે નહીં. એ મન પણ એવું છે, બુદ્ધિય એવી છે, ચિત્તેય એવું છે ને અહંકારેય એવો છે. એ ચાર જણનું નિયંત્રણ છે આ શરીર પર. માટે આ ભ્રાંતિ ઊભી રહી છે. જો પોતાના હાથમાં નિયંત્રણ આવે તો પછી આ કડાકૂટો રહે નહીં, પુરુષાર્થ ઉત્પન્ન થાય.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.